
» વર્ષ : 1, અંક : 5;


» સપ્ટેમ્બર 1-15, 2020

વિનામૂલ્યે વિતરણ માટે

# ન્યૂ ઇન્ડિયા સમાચાર



## આત્મનિર્ભર ભારત
## વિકાસનો નવો મંત્ર




# રાષ્ટ્રના નવા રંગરૂપ

**74મા સ્વતંત્રતા દિવસ નિમિત્તે રાષ્ટ્રજોગ સંદેશમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને આત્મનિર્ભરતાના માર્ગે આગળ વધવાનો અનુરોધ કર્યો હતો**

સ્વતંત્રતા દિવસની ઉજવણી માટે ક્યૂઆર કોડ સ્કૅન કરો

न्यू इन्डिया समाचार

» વર્ષ : 1, અંક : 5
» સપ્ટેમ્બર 1-15, 2020

સંપાદકઃ
કુલદીપસિંહ ધતવાલિયા,
મુખ્ય મહાનિદેશક,
પીઆઈબી, નવી દિલ્હી

પરામર્શ સંપાદક
વિનોદ કુમાર

સહાયક પરામર્શ સંપાદક
શરતકુમાર શર્મા

પ્રોફેશનલ ડિઝાઈનર
રવિન્દ્ર કુમાર શર્મા

પ્રકાશક અને મુદ્રકઃ
સત્યેન્દ્ર પ્રકાશ,
મહાનિદેશક, BOC
બ્યૂરો ઓફ આઉટરીચ
એન્ડ કમ્યુનિકેશન વતી

મુદ્રણઃ
વિબા પ્રેસ (પ્રા.) લિમિટેડ
સી-66/3, ઓખલા ઇન્ડસ્ટ્રિયલ એરિયા,
ફેઝ-2, નવી દિલ્હી-110020

બ્યૂરો ઓફ આઉટરીચ
એન્ડ કમ્યુનિકેશન
બીજો માળ, માહિતી ભવન,
નવી દિલ્હી – 110003
ખાતેથી પ્રકાશિત

ન્યૂ ઇન્ડિયા સમાચાર

RNI No. : DELENG/2020/78811


# અનુક્રમણિકા



## કવર સ્ટોરી

**#AATMANIRBHAR BHARAT**

**વિકાસનો નવો મંત્ર**

સ્વતંત્રતા દિવસ નિમિત્તે પ્રધાનમંત્રીનું સંબોધન ભારતની વિકાસગાથા રેખાંકિત કરે છે

પૃષ્ઠ | 18-25

## એન્જિનિયરિંગની અજાયબી



રૂા. 1742 કરોડના ખર્ચે ગાંધી સેતુનો પુનરુદ્ધાર

પૃષ્ઠ 6-7

## પ્રામાણિક લોકોનું સન્માન



સરકારે આવકવેરા ક્ષેત્રે મોટા સુધારા શરૂ કર્યા

| પૃષ્ઠ 10-11

## અંદર વાંચો


| | |
|---|---|
| તંત્રી લેખ | 2 |
| ઇન્ટરનેટ | 3 |
| સંક્ષિપ્ત સમાચાર | 4 |
| સામાજિક ચિંતન / કારીગરોનું સશક્તિકરણ | 8 |
| સ્વચ્છ ભારત/ મિશન મોડ પર | 9 |
| કૃષિ/ ખેડૂતો માટે મદદનો હાથ લંબાવ્યો | 12-13 |
| શિક્ષણ/ સૌના માટે તક | 14-15 |
| રાષ્ટ્રપતિનો સંદેશ | 16-17 |
| કવર સ્ટોરી | 18-25 |
| વિકાસગાથા/ હાથવણાટ ક્ષેત્ર | 30-31 |
| કોરોના સામે જંગ | 32-33 |
| સંરક્ષણ | 34 |
| સકારાત્મક અભિગમ/ બદલાતું ભારત | 36 |


## ગરીબ અને જરૂરિયાતમંદો માટે

પ્રધાનમંત્રી જન ધન યોજના ગેમ ચેન્જર પુરવાર થઇ | પૃષ્ઠ 26-29

# તંત્રીની કલમે

આ

મારા ગયા અંકને આપ સૌ વાચકોએ પ્રોત્સાહક પ્રતિભાવ આપ્યો તે બદલ અમે આપ સૌનો આભાર વ્યક્ત કરીએ છીએ. વર્તમાન અંકમાં ભારતના 74મા સ્વતંત્રતા દિવસ નિમિત્તે લાલ કિલ્લા ખાતેથી પ્રધાનમંત્રીએ આપેલા રાષ્ટ્રજોગ સંદેશનું વ્યાપક કવરેજ આવરી લેવામાં આવ્યું છે.

પ્રધાનમંત્રીએ તેમના આત્મનિર્ભર ભારતના નિર્માણના આહ્વાનનું સવિસ્તર વર્ણન કર્યું હતું અને કેવી રીતે મહામારીના શકંજામાં સપડાયેલો દેશ તમામ અવરોધો અને પડકારો વચ્ચે પણ "મેક ફોર વર્લ્ડ"નો મંત્ર અપનાવી રહ્યો છે તે જણાવ્યું હતું. આ મહિને અમાર મુખ્ય યોજનાના વિભાગમાં જન ધન યોજના વિશે વિગતે માહિતી આપવામાં આવી છે. પ્રધાનમંત્રીએ 28 ઑગસ્ટ 2014ના રોજ શરૂ કરેલી આ મહત્વાકાંક્ષી અને સફળ યોજનાના લાભાર્થીઓની સંખ્યા 40 કરોડથી વધુનો આંકડો વટાવી ગઇ છે. મહામારીના સમય દરમિયાન ભારતના કાપડ ઉદ્યોગે 2 કરોડથી વધુ માસ્કનું ઉત્પાદન કરીને કોવિડ-19 કટોકટીના સમયને અવસરમાં પરિવર્તિત કરી દીધો તે સફળતા વિશે પણ વ્યાપક કવરેજ આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

અમારા અચિવર્સ વિભાગમાં લદાખની કુન્ઝેસ એંગ્મો અને અન્ય સફળ લોકોની વાતો રજૂ કરી છે. લદાખના સ્થાનિક હાથવણાટ જેમકે પશ્મિના અને ઉનના ઉત્પાદનોને કેવી રીતે આંતરરાષ્ટ્રીય મંચ પૂરો પાડવા માટે તેણે પ્રયાસો કર્યા તેની પ્રેરણાદાયક વાતનું વર્ણન કરવામાં આવ્યું છે. કૃષિ ક્ષેત્રનો વિકાસ, કરદતાઓ માટે એપ્લિકેશનનો પ્રારંભ અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ જેવા મુદ્દા પર અન્ય વાતો પણ રજૂ કરવામાં આવી છે.

અમે આશા રાખીએ છીએ કે, ભારત સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ અંગે માહિતી સાથે અમારા વાચકોને અપડેટેડ રાખવાનું અમારું વચન પૂરું કરવા માટેના અમારા પ્રયાસો નિરંતર ચાલુ જ રહેશે. ■

K S Dhatwalia

**(કે. એસ. ધતવાલિયા)**



# ભારત ઉજવી રહ્યું છે ઇન્ટરનેટની 25મી વર્ષગાંઠ

સમગ્ર દેશમાં 15મી ઑગસ્ટના રોજ સ્વતંત્રતા દિનની હર્ષોલ્લાસપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી, પરંતુ આ વર્ષના સ્વતંત્રતા દિન સાથે એક સુવર્ણ અધ્યાય જોડાયેલો છે. 25 વર્ષ પહેલા આ દિવસે દેશમાં ઇન્ટરનેટના પ્રારંભ થતાં આ વર્ષને ભારતમાં ઇન્ટરનેટના પ્રારંભનું રજત જયંતિ વર્ષ તરીકે ઉજવવામાં આવી રહ્યું છે.


કેન્દ્રીય ઇલેક્ટ્રોનિક્સ, ઇન્ફોર્મેશન ટેક્નોલોજી અને માહિતી સંચાર મંત્રી રવિશંકર પ્રસાદે જણાવ્યું હતું કે, 'આ 15મી ઑગસ્ટે, ભારતમાં ઇન્ટરનેટના આગમનના 25 વર્ષ પૂર્ણ થયા છે. 687.6 મિલિયન ઇન્ટરનેટ વપરાશકારો સાથે, ભારત વિશ્વમાં સૌથી ઓછા ઇન્ટરનેટના દરો ધરાવતાં દેશો પૈકીનો એક છે. ડિજિટલ ઇન્ડિયા, CSC અને ભારતનેટ જેવી પહેલોએ ઇન્ટરનેટની શક્તિના ઉપયોગ થકી સામાન્ય નાગરિકોને સશક્ત બનાવવામાં યોગદાન આપ્યું છે.'

ભારતમાં ઇન્ટરનેટ સેવાની શરૂઆત કરવાનો શ્રેય વિદેશ સંચાર નિગમ લિમિટેડ (VSNL)ને આપવામાં આવે છે. પ્રારંભિક સમયગાળામાં ઇન્ટરનેટ સેવાઓ ઘણી મોંઘી હતી પરંતુ છેલ્લા પાંચ વર્ષોમાં, ગળાકાપ પ્રતિસ્પર્ધાના કારણે ઇન્ટરનેટ વપરાશકારોની સંખ્યામાં વધારા સાથે ઇન્ટરનેટના દરોમાં લગભગ 96 ટકાનો ઘટાડો જોવા મળ્યો છે.

વર્ષ 2010માં ઇન્ટરનેટના આશરે 10 કરોડ જેટલા વપરાશકારો હતા. આજે તેના 50 કરોડ વપરાશકારો છે, જે પાંચ ગણો વધારો દર્શાવે છે. આગામી પાંચ વર્ષમાં આ સંખ્યા 100 કરોડને સ્પર્શી જાય તેવી પૂરેપૂરી સંભાવના છે. ટેલિકોમ ઓથોરિટી ઓફ ઇન્ડિયા (TRAI)ના અહેવાલમાં ભારતમાં ઇન્ટરનેટના વપરાશ અંગે રસપ્રદ તથ્યો ઉજાગર થયા છે. 2014માં કુલ વાયરલેસ ડેટાનું પ્રમાણ માત્ર 82.8 કરોડ GB હતું. 2018માં તેનો વપરાશ વધીને 4,640.4 કરોડ GB પર પહોંચી ગયો હતો.પરંતુ આ સંખ્યા આટલે ન અટકતાં 2019ના અંત સુધીમાં અધધ 5,491.7 કરોડ GB પર પહોંચી ગઇ છે. ■

## છેલ્લા 5 વર્ષમાં ડેટાના વપરાશમાં 56 ગણો વધારો

(મિલિયન GBમાં)




## છેલ્લા 5 વર્ષોમાં ડેટા 96 ટકા સસ્તો થયો

| વર્ષ | ડેટા દર |
|---|---|
| 2014-15 | 269 |
| 2015-16 | 226 |
| 2016-17 | 75 |
| 2017-18 | 19 |
| 2018-19 | 11 |

(આશરે બે તૃતિયાંશ સબસ્ક્રાઇબર્સ 29 વર્ષથી ઓછી ઉંમરના છે.)

સ્રોતઃ - ટ્રાઇ

## ગામડાંઓમાં વધારે વપરાશકર્તાઓ

સ્માર્ટફોનના વધતાં વપરાશ અને ઇન્ટરનેટના દરોની ઘટી રહેલી કિંમત સાથે ગ્રામીણ ભારતે ઇન્ટરનેટ ડેટાના વપરાશ મામલે શહેરી ભારતને પણ પાછળ છોડી દીધું છે. ગામડાંઓ શહેરો કરતાં 10 ટકા વધારે વપરાશકર્તાઓ ધરાવે છે. શહેરોમાં આશરે 21 કરોડ લોકો ઇન્ટરનેટનો ઉપયોગ કરી રહ્યાં છે, જ્યારે ગામડાંઓમાં આ આંકડો 23 કરોડ પર પહોંચી ગયો છે. સમગ્ર વિશ્વમાં આશરે 380 કરોડ લોકો ઇન્ટરનેટનો વપરાશ કરી રહ્યાં છે ત્યારે ભારત ઇન્ટરનેટના આશરે 50.40 કરોડ જેટલા વપરાશકારો ધરાવે છે.




# આંદામાન અને નિકોબાર માટે સબમરીન કેબલ જોડાણ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 10મી ઑગસ્ટ, 2020ના રોજ વીડિયો કોન્ફરન્સિંગ મારફતે આંદામાન અને નિકોબાર ટાપુઓને સબમરીન ઓપ્ટિકલ ફાઇબર કેબલ (OFC) મારફતે મુખ્ય ભૂમિ સાથે જોડ્યો હતો. આ પ્રારંભની સાથે જ, ચેન્નઇથી પોર્ટ બ્લેર સુધી, પોર્ટ બ્લેરથી લઘુ આંદામાન સુધી અને પોર્ટ બ્લેરથી સ્વરાજ ટાપુઓના મોટાભાગના પ્રદેશોમાં સેવાઓની શરૂઆત થઇ છે.

રૂ. 1,224 કરોડના ખર્ચે આ પ્રોજેક્ટ માટેનો શિલાન્યાસ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા 30મી ડિસેમ્બર, 2018ના રોજ પોર્ટ બ્લેર ખાતે કરવામાં આવ્યો હતો. પ્રધાનમંત્રીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે સબમરીન કેબલ આંદામાન અને નિકોબારને સસ્તી અને વધુ સારી કનેક્ટિવિટી તથા ડિજિટલ ઇન્ડિયાના તમામ લાભો ઉપલબ્ધ કરાવવામાં મદદરૂપ સાબિત થશે. ખાસ કરીને તે ઑનલાઇન શિક્ષણ, ટેલિ-મેડિસિન, બેન્કિંગ વ્યવસ્થા, ઑનલાઇન ટ્રેડિંગ અને પ્રવાસનને ગતિ પ્રદાન કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા અદા કરશે.

પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, સરકાર સમુદ્રમાં વ્યવસાય કરવામાં સરળતાને પ્રોત્સાહન આપવા અને દરિયાઇ સામાનની હેરફેરને સરળ બનાવવા માટે ખાસ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. તેમણે વધુ ઊંડાઇ ધરાવતાં અંતરિયાળ બંદરના ઝડપી નિર્માણ અને ગ્રેટ નિકોબારમાં અંદાજિત રૂ.10 હજાર કરોડના ખર્ચે જહાજ પરિવહન બંદર બાંધવાના પ્રસ્તાવનો પણ ઉલ્લેખ કર્યો હતો. ■



## 17 કરોડ માનવદિનોની રોજગારીનું સર્જન કરાયું

કોવિડ-19 મહામારીના કારણે ગામડાંઓમાં પરત ફરી રહેલા સ્થળાંતરિત કામદારો અને આજ રીતે ગ્રામીણ વિસ્તારોમાં પ્રભાવિત થયેલા નાગરિકો માટે રોજગારીની તકોનું સર્જન કરવા માટે ગરીબ કલ્યાણ રોજગાર અભિયાન (GKRA)નો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ અભિયાન છ રાજ્યોમાં 116 જિલ્લાઓમાં રોજગારીની તકોનું સર્જન કરીને ગ્રામવાસીઓને સશક્ત કરી રહ્યાં છે. આ અભિયાનની શરૂઆત 20 જૂન, 2020ના રોજ પ્રધાનમંત્રી દ્વારા કરવામાં આવી હતી. માત્ર છ અઠવાડિયાના સમયગાળામાં જ આશરે 17 કરોડ માનવ દિનની રોજગારીનું સર્જન કરવામાં આવ્યું છે અને રૂ.13,250 કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.

62,532 જળ સંરક્ષણ નિર્માણો, 1.74 લાખ ગ્રામીણ આવાસો અને 2,222 સામુદાયિક સ્વચ્છતા પરિસરો સહિત અત્યાર સુધી મોટી સંખ્યામાં માળખાકીય સુવિધાઓનો વિકાસ કરવામાં આવ્યો છે. ■

## એપ ઇનોવેશન ચેલેન્જના પરિમાણો જાહેર

7 ઑગસ્ટ, 2020ના રોજ આત્મ નિર્ભર ભારત એપ ઇનોવેશન ચેલેન્જના પરિણામો જાહેર કરવામાં આવ્યાં હતા. 4 જુલાઇ, 2020ના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આત્મનિર્ભર ભારત એપ ઇનોવેશન ચેલેન્જની જાહેરાત કરી હતી. આ ચેલેન્જમાં સમગ્ર ભારતમાંથી તકનિકી સાહસિકો અને સ્ટાર્ટ-અપમાંથી 6,940 નામાંકનો પ્રાપ્ત થયા હતા. આ ચેલેન્જ અંતર્ગત 24 જેટલી એપને પુરસ્કૃત કરવામાં આવી છે અને અન્ય 20 એપની ઓળખ 'સ્પેશિયલ મેન્શન' તરીકે ભવિષ્યની સંભવિત એપ તરીકે કરવામાં આવી છે. ■

## ગ્રામીણ વિસ્તારો સુધી પોસ્ટ ઓફિસ બચત યોજનાનો વિસ્તાર કરાયો

ગ્રામીણ વિસ્તારોમાં પોતાના નેટવર્ક અને પોસ્ટલ કામગીરીઓને મજબૂત બનાવવા અને ગામડાઓમાં વસતી વિશાળ જનસંખ્યાને નાની બચત યોજનાની સુવિધા પૂરી પાડવા પોસ્ટ વિભાગે શાખા પોસ્ટ કચેરીના સ્તર સુધી તમામ નાની બચત યોજનાઓનો વિસ્તાર કર્યો છે. આ નવી વ્યવસ્થા શાખા પોસ્ટ કચેરીઓ થકી ગ્રામીણ જનતાને પબ્લિક પ્રોવિડન્ટ ફંડ, માસિક આવક યોજના, રાષ્ટ્રીય બચત પ્રમાણપત્રો, કિસાન વિકાસ પત્ર અને વરિષ્ઠ નાગરિક બચત યોજનાઓની સુવિધા પૂરી પાડશે. ■

## 'આયુષ ફોર ઈમ્યુનિટી' અભિયાનનો પ્રારંભ

આયુષ મંત્રાલયે 14 ઑગસ્ટ, 2020ના રોજ ત્રણ મહિના સુધી ચાલનારા 'આયુષ ફોર ઇમ્યુનિટી' અભિયાનનો પ્રારંભ કર્યો છે.

આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ વિવિધ આયુષ-આધારિત ઉપાયોમાં રહેલી ક્ષમતા અંગે મૂલ્યવાન માહિતી પૂરી પાડીને રોગપ્રતિકારક શક્તિ વધારવાનો અને લોકોમાં તે સંબંધિત જાગૃતિનું સર્જન કરીને બીમારી થતી અટકાવવાનો છે. આ કાર્યક્રમો યોજી રહેલા નિષ્ણાતોના અભિપ્રાય મુજબ રોજિંદા જીવનમાં સરળ પદ્ધતિઓ અપનાવીને પણ લાંબા ગાળા માટે બીમારી થતી અટકાવી શકાય છે. ■



## આગામી સમયમાં PLI યોજના અંતર્ગત રૂ. 7 લાખ કરોડની નિકાસો કરશે



ઇલેક્ટ્રોનિક્સ અને IT બાબતોના કેન્દ્રિય મંત્રી રવિશંકર પ્રસાદે 1 ઑગસ્ટ, 2020ના રોજ જણાવ્યું હતું કે ઉત્પાદન સંલગ્ન પ્રોત્સાહન (PLI) યોજનાને મોબાઇલ ફોન ઉત્પાદક કંપનીઓ અને ઈલેક્ટ્રોનિક ઘટકોના વૈશ્વિક તેમ જ સ્થાનિક ઉત્પાદકો તરફથી જબરજસ્ત પ્રતિસાદ મળી રહ્યો છે. આ અંગે વધુ માહિતી આપતાં તેમણે જણાવ્યું હતું કે આ યોજનાના કારણે નિકાસને નોંધપાત્ર વેગ મળવાની સંભાવના છે. આગામી 5 વર્ષોમાં રૂ.11,50,000 કરોડના કુલ ઉત્પાદનમાંથી, રૂ. 7,00,000 કરોડના નિકાસ ઓર્ડર સાથે તેનો 60%થી વધારે હિસ્સો છે. આ યોજના ઈલેક્ટ્રોનિક ઉત્પાદન ક્ષેત્રે રૂ. 11,000 કરોડ જેટલી રકમનું વધારાનું રોકાણ લાવશે. ■

## 354 સરહદી ગામડાંઓ માટે મોબાઇલ કનેક્ટિવિટી


સરકાર વ્યૂહાત્મક મહત્ત્વ ધરાવતાં દૂરસ્થ, જટિલ, સરહદી વિસ્તારોમાં કનેક્ટિવિટી પૂરી પાડવા પ્રાથમિકતાના ધોરણે કામગીરી હાથ ધરી રહી છે. ઇલેક્ટ્રોનિક અને IT, માહિતી સંચાર તથા કાયદો અને ન્યાય મંત્રાલયના કેન્દ્રિય મંત્રી રવિશંકર પ્રસાદે 10 ઑગસ્ટ, 2020ના રોજ જાણકારી આપી હતી કે દેશના વ્યૂહાત્મક, દૂરસ્થ અને સરહદી વિસ્તારોમાં નેટવર્ક નહીં ધરાવતાં 354 ગામડાંઓ માટે નિવિદાઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે અને કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીર તથા લદાખ, બિહાર, રાજસ્થાન, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ અને ગુજરાતના પ્રાથમિકતા ધરાવતાં વિસ્તારોના 144 ગામડાંઓમાં તેનું અમલીકરણ હાથ ધરવામાં આવ્યું છે. ■

## અગરબત્તી ઉત્પાદન માટે KVICનો કાર્યક્રમ

અગરબત્તીના ઉત્પાદનમાં ભારતને આત્મનિર્ભર બનાવવા માટે MSME મંત્રાલયના કેન્દ્રિય મંત્રી નીતિન ગડકરીએ 2 ઑગસ્ટ, 2020ના રોજ ખાદી અને ગ્રામ ઉદ્યોગ આયોગ (KVIC) દ્વારા પ્રસ્તાવિત રોજગારી સર્જનના એક વિશેષ કાર્યક્રમને મંજૂરી આપી હતી. આ કાર્યક્રમનું નામ 'ખાદી અગરબત્તી આત્મનિર્ભર મિશન' રાખવામાં આવ્યું છે, જેનો ઉદ્દેશ દેશના વિવિધ ભાગોમાં બેરોજગાર અને સ્થળાંતરિત કામદારો માટે રોજગારીનું સર્જન કરવાની સાથે સાથે સ્થાનિક અગરબત્તીના ઉત્પાદનમાં સ્થિરતા લાવવાનો પણ છે.

આ યોજના અંતર્ગત, KVIC સફળ ખાનગી અગરબત્તી ઉત્પાદકો મારફતે કારીગરોને સ્વયંસંચાલિત અગરબત્તી બનાવટ મશીન અને પાવડર મિશ્રણ મશીનો પૂરા પાડશે, જે તેમની સાથે વ્યવસાય ભાગીદાર તરીકે કરાર પર હસ્તાક્ષર કરશે. KVIC મશીનની કિંમત ઉપર 25% ની રાહત પૂરી પાડશે અને બાકીના 75% રકમની વસૂલાત સરળ માસિક હપતાઓ મારફતે કારીગરો પાસેથી કરવામાં આવશે. ■

# મહાત્મા ગાંધી સેતુ: એન્જિનિયરિંગની અજાયબી



**38 વર્ષો બાદ બિહારના પ્રખ્યાત પુલ ઉપર નવનિર્માણની કામગીરી રાજ્યના લોકોના જીવનમાં નવો ઉંમગ લાવી.**

ઉત્તર બિહારને દક્ષિણ બિહાર સાથે જોડતો પટણામાં આવેલો 5,575 મીટર લાંબો મહાત્મા ગાંધી પુલ ભારતનો પ્રથમ અત્યાધુનિક રીતે તૈયાર કરાયેલો પુલ બની ગયો છે. કેન્દ્રીય માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રી નીતિન ગડકરી દ્વારા 31 જુલાઇ, 2020ના રોજ આ પુલનો શુભારંભ કરવામાં આવ્યો હતો. રૂ. 1,742 કરોડના ખર્ચે નિર્માણ કરવામાં આવી રહેલો આ પુલ રાજ્યના સામાજિક-આર્થિક વિકાસને નવી ઉર્જા પૂરી પાડશે.

પુલની અપસ્ટ્રીમ લેનની કામગીરી જૂન 2017માં તેના પ્રારંભથી માત્ર અઢી વર્ષના સમયગાળાની અંદર પૂર્ણ કરવામાં આવી છે, જ્યારે ડાઉનસ્ટ્રીમ લેનના પૂર્ણ થવા માટે 2021ના વર્ષનો લક્ષ્યાંક નિર્ધારિત કરાયો છે. દેશમાં પ્રથમ વખત આ પુલના નિર્માણમાં કોન્ક્રિટના સ્થાને સ્ટીલનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. તેના સમગ્ર ઢાંચાને પણ નવુ સ્વરૂપ આપવામાં આવી રહ્યું છે.

1982માં શરૂ થયેલા મહાત્મા ગાંધી સેતુને બિહારની જીવાદોરી સમાન ગણવામાં આવે છે, પરંતુ અત્યાર સુધી તે બિસ્માર હાલતમાં જ રહ્યો હતો. આથી, કેન્દ્ર સરકારે તેની ઉપર કામગીરી શરૂ કરી હતી.


આ પુલનું નવીનીકરણ કરવા માટે અંદાજે 6,600 મેટ્રિક ટન સ્ટીલનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ પુલ હાજિપુર, છાપરા, મુઝફ્ફરપુર, સમસ્તિપુર, મધુબની, સીતામઢી અને સિવાન જેવા રાજ્યના ઉત્તર વિસ્તારમાં આવેલા જિલ્લાઓ સહિત દક્ષિણ બિહારના પટણા, આરા, અરવાલ, જેહાનાબાદ, નાલંદા, ગયા અને ઓરંગાબાદ જિલ્લાના લોકો માટે લાભદાયક સાબિત થશે. આ પુલ ઉત્તરપ્રદેશ અને ઝારખંડના કેટલાક પૂર્વીય જિલ્લાઓ માટે પણ ઉપયોગી સાબિત થશે. આ પુલના ઉદ્દઘાટન પ્રસંગે કેન્દ્રીય માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ જણાવ્યું હતું કે,'આ પુલ સિવિલ

## માર્ગો અને જળમાર્ગોનું નિર્માણ

- રાષ્ટ્રીય ધોરીમાર્ગોની લંબાઇ 2014માં 91,287 કિ.મી. હતી, જે 2020માં વધીને 1,32,500 કિ.મી. પર પહોંચી છે.
- 2014-2020 દરમિયાન બાંધકામ પાછળ રૂ. 7,36,000 કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.
- 2014 પહેલા પ્રતિ દિન 3 કિ.મી.ની સરખામણીમાં હવે પ્રતિ દિન 30 કિ.મી. રસ્તાઓનું નિર્માણ કરવામાં આવે છે. જમીન અધિગ્રહણ પછી બિહારમાં ખેડૂતોને રૂ. 3,800 કરોડ આપવામાં આવ્યાં છે.
- બિહારમાં ગંગા નદી ઉપર રૂ. 3,000 કરોડના ખર્ચે, 5 પુલોના બાંધકામની જાહેરાત. રૂ. 30,000 કરોડનો ખર્ચ ધરાવતાં ધોરીમાર્ગ પ્રોજેક્ટની કામગીરી પ્રગતિમાં.
- જળમાર્ગોને એક-બીજા સાથે જોડતાં ચાર પ્રોજેક્ટની કામગીરી ટૂંક સમયમાં શરૂ થશે.

એન્જિનિયરિંગની એક અદભૂત અજાયબી છે અને સિવિલ એન્જિનિયરિંગનો અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓ માટે એક સારું દ્રષ્ટાંત પૂરું પાડે છે.' આ સિવાય કેન્દ્ર સરકારે બિહારમાં અંદાજે રૂ. 30,000 કરોડના ખર્ચે ધોરીમાર્ગોના નિર્માણની કામગીરી ઝડપી બનાવી છે.

### નીતિન ગડકરીના સંબોધનમાંથી કેટલાક અવતરણો:



- ગંગા નદી ઉપર જૂના પુલના બે માર્ગોના નવનિર્માણની કામગીરી પૂર્ણ થઇ છે અને બાકીના બે માર્ગો ડિસેમ્બર, 2021 સુધી તૈયાર થઇ જશે.
- 5.5 કિ.મી. લાંબા પુલના પુનર્નિર્માણ ઉપર રૂ. 1,742 કરોડ ખર્ચવામાં આવશે.
- આ માર્ગ ઉપરથી દરરોજ 76,000 વાહનો પસાર થાય છે. બે નવા માર્ગો શરૂ થવાથી ટ્રાફિક જામની સમસ્યામાં રાહત મળશે.
- આ પુલની ડિઝાઇન IIT, રૂડકી દ્વારા તૈયાર કરાઇ છે.
- પટણાને અંદાજે રૂ. 2,926 કરોડના ખર્ચે નવા ચાર-માર્ગીય પુલો પ્રાપ્ત થશે. તેના માટે ઑગસ્ટમાં ટેન્ડર ખોલવામાં આવશે અને ઓક્ટોબર માસમાં તેનું નિર્માણ કાર્ય શરૂ કરાશે. તેનું નિર્માણ કાર્ય પૂર્ણ થવાનો લક્ષ્યાંક માર્ચ, 2024 રાખવામાં આવ્યો છે.
- દેશમાં એવા પ્રથમ પુલનું નિર્માણ થશે જેની નીચેથી જહાજ પસાર થઇ શકતું હોય. ■

**મહાત્મા ગાંધી સેતુના ઉદ્ઘાટન ભાષણ માટે ક્યૂઆર કોડ સ્કેન કરો**

- પ્રયાગરાજ અને વારાણસીની વચ્ચે કાંપ હટાવવાની કામગીરી પૂર્ણ કરાઇ. આગામી તબક્કામાં, દિલ્હી અને પ્રયાગરાજની વચ્ચે યમુના નદીમાં એક મીટરની રૂપરેખા પર કામગીરી કરવામાં આવી રહી છે.
- આ તબક્કા માટે વિશ્વ બૅન્કને પહેલેથી રૂ. 12,000 કરોડના મૂલ્યનો DPR સુપરત કરવામાં આવ્યો છે.

## પ્રધાનમંત્રીએ પૂરની પરિસ્થિતિની સમીક્ષા કરી

પ્રધાનમંત્રીએ 10 ઑગસ્ટ, 2020ના રોજ પૂરની પરિસ્થિતિ અંગે જાણકારી મેળવવા અને તેનો સામનો કરવા માટે રાજ્યોની તૈયારીની સમીક્ષા કરવા માટે આસામ, બિહાર, ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર, કર્ણાટક અને કેરળના મુખ્યમંત્રીઓ સાથે વીડિયો કોન્ફરન્સિંગ મારફતે બેઠક યોજી હતી. દેશના કેટલાક રાજ્યોમાં પૂરની પરિસ્થિતિ અત્યંત ચિંતાજનક છે.




પૂરની આગોતરી આગાહી માટે કાયમી વ્યવસ્થા અને આગાહી અને ચેતવણી વ્યવસ્થામાં નવીન ટેકનિકોના વ્યાપક ઉપયોગ માટે કેન્દ્ર અને રાજ્યની સંસ્થાઓ વચ્ચે વધુ બહેતર સંકલન ઉપર ભાર મુકવામાં આવ્યો હતો. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે,'ભારતીય હવામાન વિભાગ અને કેન્દ્રીય જળ આયોગ જેવી આપણી પૂર્વાનુમાન સંસ્થાઓ પૂરની આગાહીઓને વધુ સારી અને વધુ ઉપયોગી બનાવવા માટે સંગઠિત પ્રયાસો કરી રહી છે. તેઓ માત્ર વરસાદ અને નદીમાં જળસ્તર અંગે આગાહી પૂરી પાડવાની જ નહીં પરંતુ ચોક્કસ સ્થાન સંબંધિત પૂર અંગે આગોતરી જાણકારી પૂરી પાડવા પણ પ્રયત્નો કરી રહી છે.'

ચોક્કસ સ્થાન સંબંધિત આગાહીમાં વધુ સુધારો કરવા માટે કૃત્રિમ બુદ્ધિમતા જેવી નવીન ટેક્નોલોજીનો ઉપયોગ કરવા પ્રારંભિક પ્રયત્નો હાથ ધરવામાં આવી રહ્યાં છે, જેના માટે રાજ્યોએ આ સંસ્થાઓને જરૂરી માહિતી પૂરી પાડવી જોઇએ અને સ્થાનિક સમુદાયો સુધી તેની ચેતવણી અંગેની જાણકારી સમયસર પહોંચાડવી જોઇએ. ■



# કુંભારોની કાર્યદક્ષતામાં વધારો

**સરકાર દ્વારા કુંભારોને કરવામાં આવી રહેલું 17,000 વીજસંચાલિત ચાકડાઓનું વિતરણ તેમના આર્થિક સશક્તિકરણ તરફ લેવાયેલું મહત્ત્વપૂર્ણ કદમ છે**

ભારતીય સાંસ્કૃતિક સભ્યતામાં માટીથી બનેલા વાસણો અને મૂર્તિઓ હંમેશા અનેરું સ્થાન ધરાવે છે. કોઇપણ ઉત્સવ હોય કે લગ્નપ્રસંગ હોય તેમના વપરાશ વગર તે અધૂરો જ રહે છે.



## પરંપરાગત કારીગરોનું સશક્તિકરણ

- વીજસંચાલિત ચાકડો 20 મિલિયન માટીની કુલડીઓનું ઉત્પાદન કરે છે, જેનું વેચાણ 400 રેલવે સ્ટેશન ઉપર કરવામાં આવે છે.
- કુંભાર સશક્તિકરણ યોજના હેઠળ કુંભારોની આવક પ્રતિમાસ રૂ. 3,000થી વધારીને રૂ. 12,000 કરવામાં આવી છે.
- વીજસંચાલિત ચાકડા ઉપર 800 કિલોગ્રામ માટીનું ચિકણી માટીમાં રૂપાંતર કરવા માટે આઠ કલાક જેટલો સમય લાગે છે, જ્યારે પરંપરાગત પદ્ધતિથી આટલા જ પ્રમાણમાં માટીને ચિકણી માટીમાં ફેરવવા માટે પાંચ દિવસ થાય છે.
- આ યોજનાનો રાજસ્થાન, મધ્યપ્રદેશ, હિમાચલ પ્રદેશ, ઉત્તરપ્રદેશ, બિહાર, મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ, જમ્મુ અને કાશ્મીર, લદાખ, હરિયાણા, ગુજરાત, તામિલનાડુ, ઓડિશા અને તેલંગણામાં અમલ કરવામાં આવી રહ્યો છે.

કુંભારોની આવકમાં વધારો કરવા માટે, સરકાર ખાદી અને ગ્રામ ઉદ્યોગ આયોગ (KVIC)ની મદદથી કુંભારોને 17,000 જેટલા વીજસંચાલિત ચાકડાઓનું વિતરણ કરી રહી છે, જે તેમના સમુદાયના આશરે 75,000થી વધારે સભ્યોને લાભાન્વિત કરશે. આ પહેલ પ્રધાનમંત્રીનું આત્મનિર્ભર ભારત અભિયાન વધુ શક્તિશાળી બનાવવા માટે હાથ ધરવામાં આવી છે.

કેન્દ્રિય ગૃહ મંત્રી અમિત શાહે ગુજરાતમાં તેમના સંસદીય ક્ષેત્ર ગાંધીનગરમાં 100 તાલીમ પામેલા કુંભારોને વીજસંચાલિત ચાકડાઓનું વિતરણ કર્યું હતું. શાહે જણાવ્યું હતું કે, 'આ સમુદાયમાંથી આવતાં અમારા ભાઇઓ અને બહેનો ભારતીય હસ્તકલાના વાહક છે. હવે અમે ટેક્નોલોજીના ઉપયોગથી તેમની ઉત્પાદન ક્ષમતામાં વધારો કરી રહ્યાં છે. આ પગલું તેમના જીવનને વધુ સુવિધાજનક બનાવશે.'


અમિત શાહે જણાવ્યું હતું કે, 'કુંભારોની સશક્તિકરણ યોજના હેઠળ, KVIC સીમાંત કુંભારોની સ્થિતિ શક્તિશાળી બનાવવા માટે પરંપરાગત કળાને પુનર્જિવિત કરવાની અદ્‌ભૂત કામગીરી કરી રહ્યું છે.'

તેમણે વધુમાં જણાવ્યું હતું કે પ્રધાનમંત્રીનું સપનું છે કે દેશની પરંપરાગત કળાઓને વધુ સમૃદ્ધ બનાવામાં આવે અને દરેક વ્યક્તિગત કારીગરના કૌશલ્યમાં વૃદ્ધિ કરવામાં આવે.

KVICના અધ્યક્ષ વી.કે.સક્સેનાએ માહિતી આપી હતી કે સમગ્ર દેશભરમાં કુંભાર સમુદાયના અંદાજિત 40 મિલિયન લોકો વસે છે. વીજસંચાલિત ચાકડો તેમની માસિક આવક રૂ. 3,000થી વધારીને રૂ. 12,000 કરશે.■

# કચરા મુક્ત ભારત

**રાજઘાટ ખાતે રાષ્ટ્રીય સ્વચ્છતા કેન્દ્રનું ઉદ્‌ઘાટન કરતી વખતે પ્રધાનમંત્રીએ સ્વચ્છતાને જન આંદોલન બનાવવા માટે લોકોનો આભાર માન્યો હતો**




પ્રધાનમંત્રીએ 8 ઑગસ્ટ, 2020ના રોજ નવી દિલ્હીમાં આવેલા રાજઘાટના ગાંધી સ્મૃતિ અને દર્શન સમિતિ ખાતે સ્વચ્છ ભારત અભિયાનના પારસ્પારિક અનુભવ કેન્દ્ર - રાષ્ટ્રીય સ્વચ્છતા કેન્દ્ર (RSK)નું ઉદ્‌ઘાટન કર્યું હતું. આ ઉદ્‌ઘાટન કરતી વખતે જ્યારે તેમણે 'ગંદકી ભારત છોડો'ના નારા સાથે એક આહ્‌વાન કર્યું ત્યારે એક ઐતિહાસિક સંયોગ સર્જાયો હતો. જોગાનુજોગ આ તે જ દિવસ હતો જ્યારે 1942માં મહાત્મા ગાંધીએ બ્રિટિશ શાસન સામે 'ભારત છોડો'નું આંદોલન શરૂ કર્યું હતું.

**ગરીબી - ભારત છોડો!**

**ખુલ્લામાં ફરજિયાત શૌચક્રિયા – ભારત છોડો!**

**પાણી માટે ફરજિયાત ભટકવું – ભારત છોડો!**

**એકલ વપરાશ પ્લાસ્ટિક – ભારત છોડો!**

**ભેદભાવપૂર્ણ વ્યવહાર – ભારત છોડો!**

**ભ્રષ્ટાચાર – ભારત છોડો!**

**ત્રાસવાદ અને હિંસા – ભારત છોડો!**

**હવે...**

## ગંદકી ભારત છોડો

પ્રધાનમંત્રી દ્વારા RSKની સૌ પ્રથમ વખત જાહેરાત 10 એપ્રિલ, 2017ના રોજ ગાંધીજીના ચંપારણ સત્યાગ્રહના શતાબ્દી દિનના ઉજવણી પ્રસંગે કરવામાં આવી હતી.

## રાષ્ટ્રીય સ્વચ્છતા કેન્દ્રનો પ્રવાસ

RSK ડિજિટલ અને બાહ્ય સ્થાપનોનું એક સમતોલિત મિશ્રણ છે, જે 2014માં ખુલ્લામાં શૌચક્રિયા કરતાં 50 કરોડથી વધારે લોકો ધરાવતાં દેશમાંથી 2019માં ખુલ્લામાં શૌચક્રિયાથી મુક્ત બનવાના ભારતના સફરનો ચિતાર રજૂ કરે છે.

## શાળાના બાળકો સાથે વાર્તાલાપ

સમગ્ર RSKની મુલાકાત લીધા પછી, પ્રધાનમંત્રીએ RSKના સ્મૃતિ કેન્દ્રની ટૂંકી મુલાકાત લીધી હતી. ત્યારબાદ તેમણે સામાજિક અંતરના નિયમોનું પાલન કરીને RSKની રંગભૂમિ ખાતે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોનું પ્રતિનિધિત્વ કરતાં દિલ્હીમાંથી આવેલા 36 સ્કૂલના વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કર્યો હતો.

## રાષ્ટ્રને સંદેશ

પ્રધાનમંત્રીએ સ્વચ્છ ભારત મિશનના સંસ્મરણો વાગોળ્યાં હતા અને મહાત્મા ગાંધીને કાયમી શ્રદ્ધાંજલિ સ્વરૂપે RSK સમર્પિત કર્યું હતું. તેમણે સ્વચ્છતાને જનઆંદોલન બનાવવા બદલ ભારતના લોકોનો પણ આભાર માન્યો હતો અને ભવિષ્યમાં પણ આ જનઆંદોલન ચાલુ રાખવા માટે લોકોને અપીલ કરી હતી. ■

સ્વચ્છ ભારત મિશન અંગે માહિતી માટે ક્યુઆર કોડ સ્કેન કરો.

# પારદર્શક કરવ્યવસ્થા

# પ્રામાણિક લોકોના સન્માન માટે

**કરદાતાઓને 'પ્રત્યક્ષ' મંચ પ્રદાન કરીને સરકારે IT રિટર્ન ભરવામાં મહત્ત્વપૂર્ણ સુધારાઓનો પ્રારંભ કર્યો**


કરદાતાઓનો અધિકારપત્ર

INCOME TAX DEPARTMENT

## આવકવેરા વિભાગ

### પ્રતિબદ્ધ છે

1. નિષ્પક્ષ, વિનમ્ર અને વાજબી વ્યવહાર પૂરો પાડવા
વિભાગ કરદાતાઓ સાથેના તમામ વ્યવહારોમાં ત્વરિત, વિનમ્ર અને વ્યાવસાયિક સહાયતા પૂરી પાડશે.
2. કરદાતાને પ્રમાણિક ગણવા
વિભાગ દરેક કરદાતાને પ્રમાણિક ગણશે જ્યાં સુધી અન્યથા માનવાનું કારણ રહેલું ન હોય.
3. અપીલ અને સમીક્ષા માટે વ્યવસ્થાતંત્ર પૂરું પાડવું
વિભાગ ન્યાયી અને નિષ્પક્ષ અપીલ અને સમીક્ષા માટે વ્યવસ્થાતંત્ર પૂરું પાડશે.
4. સંપૂર્ણ અને સચોટ માહિતી પૂરી પાડવી
વિભાગ કાયદા અંતર્ગત ઊભી થતી જવાબદારીઓનું અનુપાલન કરવા માટે સચોટ માહિતી પૂરી પાડશે.
5. સમયસર નિર્ણયો પૂરા પાડવા
વિભાગ દરેક આવકવેરા કાર્યવાહીમાં કાયદા અંતર્ગત નિર્ધારિત કરેલી સમયમર્યાદામાં નિર્ણયો હાથ ધરશે.
6. કરવેરાની સાચી રકમ ઉઘરાવશે
વિભાગ માત્ર તે રકમ ઉઘરાવશે જે કાયદા મુજબ ચૂકવણીપાત્ર હોય.
7. કરદાતાઓની ગોપનીયતાનું સન્માન
વિભાગ કાયદાની નિર્ધારિત પ્રક્રિયા અનુસરશે અને કોઇ તપાસ, અન્વેષણ અથવા કાર્યવાહીના અમલ દરમિયાન જરૂરી હોય તેનાથી વધુ દખલઅંદાજી કરશે નહીં.
8. ગોપનીયતા જાળવી રાખશે
વિભાગ કરદાતા દ્વારા પૂરી પાડવામાં આવેલી કોઇપણ માહિતી ઉજાગર કરશે નહીં સિવાય કે આમ કરવું કાયદા દ્વારા અધિકૃત હોય.
9. તેના સત્તાધિકારીઓને જવાબદાર ગણશે
વિભાગ પોતાની કાર્યપ્રવૃત્તિઓ માટે તેમના સત્તાધિકારીઓને જવાબદાર ગણશે.
10. પોતાની પસંદગીનો પ્રતિનિધિ આપવો
વિભાગ દરેક કરદાતાને પોતાની પસંદગીનો અધિકૃત પ્રતિનિધિ પસંદ કરવા મંજૂરી આપશે.
11. ફરિયાદ દાખલ કરવા વ્યવસ્થાતંત્ર પૂરું પાડવું
વિભાગ ફરિયાદ દાખલ કરવા વ્યવસ્થાતંત્ર પૂરું પાડશે અને તેનો ત્વરિત નિકાલ કરશે.
12. વાજબી અને ન્યાયી વ્યવસ્થા પૂરી પાડવી
વિભાગ વાજબી અને નિષ્પક્ષ વ્યવસ્થા પૂરી પાડશે અને સમયમર્યાદાની અંદર કરવેરા સંબંધિત સમસ્યાઓનું નિરાકરણ લાવશે.
13. સેવાના માપદંડો પ્રસિદ્ધ કરવા અને સમયાંતરે તેની જાણ કરશે
વિભાગ તબક્કાવાર રીતે સેવા પૂરી પાડવા માપદંડો પ્રસિદ્ધ કરશે.
14. અનુપાલનના ખર્ચમાં ઘટાડો
વિભાગ કરવેરા કાયદાઓનો અમલ કરતી વખતે અનુપાલનનો ખર્ચ વ્યાજબી રીતે ધ્યાનમાં લેશે.

### અને કરદાતાઓ પાસેથી અપેક્ષા છે કે


૧. પ્રમાણિક રહે અને કાયદાનું પાલન કરે
કરદાતાઓ પાસેથી અપેક્ષા છે કે તેઓ પ્રમાણિકપણે સંપૂર્ણ માહિતી ઉજાગર કરે અને તેમની જવાબદારીઓનું અનુપાલન કરે.
૨. માહિતગાર રહે
કરદાતાઓ પાસેથી અપેક્ષિત છે કે તેઓ કરવેરા કાયદા અંતર્ગત તેમની જવાબદારીઓના અનુપાલન માટે જાગૃત રહે અને જો જરૂરિયાત હોય તો વિભાગની મદદ માંગે.
૩. સચોટ હિસાબી ચોપડાઓની જાળવણી
કરદાતાઓ પાસેથી અપેક્ષા છે કે તેઓ કાયદા અનુસાર જરૂરી હોય તેવી સચોટ હિસાબી ચોપડાઓ જાળવે.
૪. તેમના વતિ પ્રતિનિધિ શું કરે છે તે જાણે
કરદાતા પાસેથી અપેક્ષા છે કે તેમના અધિકૃત પ્રતિનિધિ દ્વારા કઇ માહિતી અને ભરવામાં આવેલા કરવેરાથી અવગત રહે.
૫. સમયસર પ્રત્યુત્તર આપે
કરદાતા પાસેથી અપેક્ષિત છે કે તે સમયસર કરવેરા કાયદા અનુસાર પોતાના કરવેરા ભરે.
૬. સમયસર ચૂકવણી
કરદાતા પાસેથી અપેક્ષિત છે કે તે સમયસર પદ્ધતિથી કાયદા અનુસાર બાકી નીકળતી રકમની ચૂકવણી કરે.

ઇન્ફ્રાસ્ટ્રક્ચર સ્તરે થઇ રહેલા સુધારાઓની ગતિ સાથે તાલ મિલાવવા, ભારત સરકારે કર વ્યવસ્થા ક્ષેત્રે પણ સુધારાઓ હાથ ધરવાની પ્રક્રિયા શરૂ કરી છે, ખાસ કરીને આવકવેરો ભરવાના ક્ષેત્રમાં. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વીડિયો કોન્ફરન્સિંગ મારફતે 13 ઑગસ્ટ, 2020ના રોજ 'પારદર્શી કરવ્યવસ્થા - પ્રામાણિકોનું સન્માન' માટે એક મંચની શરૂઆત કરી હતી. આ મંચ સંપર્કરહિત આકારણી, સંપર્કરહિત અપીલ અને કરદાતા અધિકારપત્ર જેવા મહત્ત્વપૂર્ણ સુધારાઓ ધરાવે છે.

આ પ્રસંગે પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, સંપર્કરહિત આકારણી અને કરદાતા અધિકાર પત્ર ત્વરિત પ્રભાવથી અમલી બનશે, જ્યારે સંપર્કરહિત અપીલ પંડિત દીનદયાળ ઉપાધ્યાયની જન્મજયંતિ પ્રસંગે એટલે કે 25 સપ્ટેમ્બરથી સમગ્ર દેશમાં ઉપલબ્ધ બનશે. સંપર્કરહિત હોવા સિવાય નવો મંચ કરદાતાઓનો વિશ્વાસ વધારવાનો અને તેમને ભયમુક્ત બનાવવાનો ઉદ્દેશ ધરાવે છે.

પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે અત્યારે ચાલી રહેલા સુધારાઓ કરવ્યવસ્થાને એકિકૃત, મુશ્કેલીરહિત, સંપર્કરહિત બનાવવાનો હેતુ ધરાવે છે. આ એકિકૃત વ્યવસ્થા કરદાતાઓને વધુ ફસાવવાના બદલે તેમની સમસ્યાઓ ઉકેલવાની દિશામાં કામગીરી કરે છે. સંપર્કરહિત વ્યવસ્થાનો ઉલ્લેખ કરતાં તેમણે જણાવ્યું હતું કે ચકાસણી, નોટિસ, સરવે અને આકારણી સંબંધિત તમામ બાબતોમાં કરદાતા અને આવકવેરા અધિકારીઓએ એક-બીજાના સીધા સંપર્કમાં આવવાની જરૂરિયાત રહેશે નહીં.

કેસોની તપાસની સંખ્યામાં છેલ્લા છ વર્ષ એટલે કે 2012-13માં 0.94% થી 2018-19માં 0.26%




## ફાયદા

**સંપર્કરહિત આકારણી**

- સ્થાનિક કરવેરા અધિકારી તેના પોતાના ક્ષેત્રના કેસની આકારણી કરશે નહીં
- કેસની ફાળવણી કેન્દ્રીકૃત ડિજિટલ પ્રક્રિયા દ્વારા કરવામાં આવશે, જેમાં કોઇપણ અધિકારીને કેસ આપી શકાશે
- આકારણી ત્રણ ટીમો દ્વારા કરવામાં આવશે. પ્રથમ ટીમ મુસદ્દો બનાવશે, બીજી ટીમ તેની સમીક્ષા કરશે અને અંતિમ ટીમ તેને સંપૂર્ણ કરશે.

**સંપર્કરહિત અપીલ**

- કરદાતા નોટિસની વિરુદ્ધ અપીલ દાખલ કરવાનો અધિકાર ધરાવશે. કરદાતા અને અધિકારી બન્નેની પ્રત્યક્ષ મુલાકાત થશે નહીં.
- કરદાતા અધિકારી વિરુદ્ધ તેના ઉપરી અધિકારીને અને ગ્રાહક સેવા નંબર અથવા

  info.mfin@govt.mt ઉપર ઇમેલ મારફતે અથવા http://www.finance.gov t.mt મારફતે ફરિયાદ નોંધાવી શકશે.
- ફરિયાદી અને સમાધાન અધિકારી એક-બીજાથી અજાણ રહેશે અને નિર્ધારિત સમયમાં તેનો ઉકેલ લાવવામાં આવશે.

દરમિયાન થયેલા ચાર ગણાં ઘટાડાનો ઉલ્લેખ કરતાં પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે આ બાબત આવકવેરો ભરતાં કરદાતાઓ ઉપર સરકારે મુકેલા વિશ્વાસનું પ્રતિબિંબ રજૂ કરે છે. છેલ્લા છ વર્ષમાં ભારત કર વ્યવસ્થામાં ઉભરી રહેલા પ્રશાસનના નવા મોડલનું સાક્ષી બન્યું છે. આ તમામ પ્રયત્નોની વચ્ચે, છેલ્લા 6-7 વર્ષોમાં આવકવેરો ભરનારા લોકોની સંખ્યામાં આશરે 2.5 કરોડનો વધારો થયો છે.

પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે છેલ્લા છ વર્ષોમાં સરકાર 'બેન્ક રહિતોને બેન્કની સુવિધા, અસુરક્ષિતો લોકોને સુરક્ષા અને ભંડોળ રહિત લોકોને ભંડોળ' પૂરું પાડવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે અને 'પ્રામાણિકોને સન્માન' માટે તૈયાર કરાયેલું પ્લેટફોર્મ આજ દિશામાં લેવામાં આવેલું પગલું છે.

રાષ્ટ્રના નિર્માણમાં પ્રામાણિક કરદાતાઓની ભૂમિકા વખાણતાં પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે આવા કરદાતાઓના જીવનને સરળ બનાવવું તે સરકારની જવાબદારી છે. તેમણે ઉમેર્યું હતું કે, 'જ્યારે દેશના પ્રામાણિક કરદાતાઓનું જીવન સરળ બની જાય છે ત્યારે તે આગળ વધે છે અને વિકસિત થાય છે, ત્યારે દેશ પણ વિકાસ પામે છે અને વિકાસની છલાંગ લગાવે છે.'

પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે દેશના કર માળખાંમાં મૂળભૂત સુધારાઓ હાથ ધરવાની જરૂર છે કારણ કે અગાઉના કરમાળખાની રચના સ્વતંત્રતા પહેલાના સમય દરમિયાન અસ્તિત્વ ધરાવતાં કરમાળખા પરથી કરાઇ હતી. સ્વતંત્રતા પછીના સમયગાળામાં કરાયેલા અનેક સુધારાઓએ પણ તેની મૂળભૂત લાક્ષણિકતામાં કોઇ ફેરફાર કર્યો નથી.

પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે વર્તમાન કાયદાઓ કરવ્યવસ્થામાં કાયદાકીય ભારણમાં ઘટાડો કરે છે. વડી અદાલતમાં કેસો દાખલ કરવાની મર્યાદા રૂ. 1 કરોડથી વધુ અને સર્વોચ્ચ અદાલતમાં કેસ દાખલ કરવાની મર્યાદા રૂ. 2 કરોડથી વધુ મર્યાદિત કરવામાં આવી છે. 'વિવાદ સે વિશ્વાસ' યોજના જેવી પહેલોએ મોટાભાગના કેસોનું સમાધાન અદાલતની બહાર કરવા માટે નવો માર્ગ ખોલ્યો છે.

પ્રધાનમંત્રીએ કર માળખાના સુસંગતિકરણનો પણ ઉલ્લેખ કર્યો હતો, જેમાં રૂ. 5 લાખ સુધીની આવક સુધી કોઇ કર વસૂલવામાં આવતો નથી. બીજી તરફ બાકીની કરશ્રેણીમાં પણ કર દરોમાં ઘટાડો કરવામાં આવ્યો છે.

જોકે પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, એ હકીકતનો ઇનકાર કરી શકાય તેમ નથી કે 130 કરોડની વસ્તી ધરાવતાં દેશમાંથી માત્ર 1.5 કરોડ લોકો જ આવકવેરો ચૂકવે છે. તેમણે લોકોને આત્મનિરીક્ષણ કરવાની અને ચૂકવવાપાત્ર કર ભરવા માટે આગળ આવવાની અપીલ કરી હતી. આ આત્મનિર્ભર ભારત બનાવવામાં દેશની મદદ કરશે. ■

કર સુધારાઓ ઉપર પ્રધાનમંત્રીના સંપૂર્ણ ભાષણ માટે ક્યૂઆર કોડ સ્કેન કરો.

https://www.youtube.com/watch?time_continue=4&v=5flQeljUJWk&feature=emb_logo



# કૃષિ ક્ષેત્ર માટે નવો અરૂણોદય

**સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલી પહેલો કૃષિ ક્ષેત્રના વિકાસ અને ખેડૂતોની આજીવિકા માટે તેમની પ્રતિબદ્ધતા પ્રત્યે નવા યુગનો પ્રારંભ કરશે ધિરાણ**

ખેડૂતોની આવક 2024 સુધી બમણી કરવાના હેતુસર સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલા વિવિધ પગલાંઓની વચ્ચે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 9 ઑગસ્ટ, 2020ના રોજ કૃષિ ઇન્ફ્રાસ્ટ્રક્ચર નીધિ અંતર્ગત રૂ. 1 લાખ કરોડની નવી ધિરાણ યોજનાની શરૂઆત કરી હતી. આ યોજના સમુદાય કૃષિ અસ્કયામતો અને વાવણી પછી કૃષિ ઇન્ફ્રાસ્ટ્રક્ચરના નિર્માણમાં ખેડૂતો, PACs, FPOs, કૃષિ-ઉધમીઓ વગેરેને સહાયતા પૂરી પાડશે.

આ અસ્કયામતો ખેડૂતોને તેમની ઉપજનું વધુ મૂલ્ય પ્રાપ્ત કરવામાં સક્ષમ બનાવશે કારણ કે તેઓ તેનો સંગ્રહ કરી શકશે, ઊંચી કિંમતોએ તેનું વેચાણ કરી શકશે, વ્યયમાં ઘટાડો થશે અને પ્રસંસ્કરણમાં વધારો કરીને મૂલ્યમાં વધારો કરશે. યોજનાની ઔપચારિક મંજૂરીના 30 દિવસની અંદર રૂ. 1,000 કરોડનો પ્રથમ હપ્તો 2,238થી વધુ FPOsને ઉપલબ્ધ કરાવવામાં આવશે.

આ કાર્યક્રમનું આયોજન વીડિયો કોન્ફરન્સ મારફતે કરવામાં આવ્યું હતું અને તેમાં સમગ્ર દેશમાંથી લાખો

## PM-KISAN અંતર્ગત લાભો

24 ફેબ્રુઆરી, 2019માં શરૂ કરવામાં આવેલી PM-KISAN યોજના પાત્રતા ધરાવતા લાભાર્થી ખેડૂતોને ત્રણ સમાન હપતામાં પ્રતિ વર્ષ કુલ રૂ. 6,000ની આર્થિક સહાયતા સીધા લાભ હસ્તાંતરણ દ્વારા પૂરી પાડે છે. (કેટલાક અપવાદ માપદંડોને આધીન). આ સહાયતા તેમને તેમની કૃષિ જરૂરિયાતોને પરિપૂર્ણ કરવા અને તેમના પરિવારોને સહાયતા કરવા સક્ષમ બનાવે છે. UPA સરકારે ખેડૂતોનું રૂ. 72,000 કરોડનું દેવુ માફ કર્યું હતું, જ્યારે NDA સરકાર ખેડૂતોને દેવા મુક્ત બનાવવાની સ્વતંત્ર નીતિ ધરાવે છે.

## કૃષિ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ભંડોળ

- કૃષિ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ભંડોળ વ્યાજમાં રાહત અને ધિરાણ બાંયધરી મારફતે લણણી પછી વ્યવસ્થાપન માળખા અને સામુદાયિક ખેત અસ્કયામતોના પ્રોજેક્ટ્સમાં રોકાણ માટે મધ્યમ અને લાંબા-ગાળાની ઋણ ધિરાણની સુવિધા પૂરું પાડતું ભંડોળ છે.
- આ યોજનાનો સમયગાળો 2020 થી 2029 સુધીનો રહેશે.
- પ્રતિ વર્ષ 3% વ્યાજમાં માફી સાથે ધિરાણ તરીકે બેંકો અને નાણાકીય સંસ્થાઓ દ્વારા રૂ. 1 લાખ કરોડની સહાયતા પૂરી પાડવામાં આવશે અને તે અંતર્ગત રૂ. 2 કરોડ સુધીના ધિરાણ માટે CGTMSE યોજના અંતર્ગત ઋણ બાંયધરી કવચ પૂરું પડાશે.

## ખેડૂત કલ્યાણ પગલાંઓ

**કિસાન રેલ :** સરકારે સૌ પ્રથમ કિસાન રેલ શરૂ કરી છે જે મહારાષ્ટ્રમાં દેવલાલીથી બિહારમાં દાનાપુર સુધી દોડશે, જેમાં નાસિક રોડ, માનમાડ, જલગાંવ, ભૂસાવળ, ઇટારસી, જબલપુર, કટની, સતના, માણિકપુર, પ્રયાગરાજ છેઓકી, પંડિત દીન દયાળ ઉપાધ્યાય નગર અને બક્સર સ્ટેશનોને આવરી લેવામાં આવ્યાં છે. આ ટ્રેનનું પ્રતિ ટન રૂ. 4,001નું લઘુતમ નૂર ભાડું હશે. દૂધ, શાકભાજી અને ફળો જેવી નાશવંત ચીજ-વસ્તુઓનું વહન કરતી આ ટ્રેન રાષ્ટ્રીય શીત આપૂર્તિ શ્રૃંખલાના નિર્માણમાં ચાવીરૂપ ભૂમિકા અદા કરશે.

**PM-KISAN** : રૂ. 90,000 કરોડ ટ્રાન્સફર કરવામાં આવ્યા, 10 કરોડથી વધુ ખેડૂતોના ખાતામાં

**ઉત્પાદન :** કોવિડ-19 મહામારી હોવા છતાં, 3.7%ના વધારા સાથે 295.67 મિલિયન ટન ઉત્પાદન થવાનો અંદાજ છે,જે 2019-20માં 2.9 % હતું.

**સ્ટાર્ટ-અપ :** કૃષિ સંબંધિત 346 સ્ટાર્ટ-અપ રૂ. 3,671.75 લાખનું ભંડોળ મેળવશે.

**બાગાયત :** છેલ્લા પાંચ વર્ષોમાં બાગાયાત ક્ષેત્રમાં રૂ. 10,500 કરોડથી વધુ રકમનું રોકાણ કરવામાં આવ્યું છે.

**પરંપરાગત કૃષિ વિકાસ :** આશરે 6 લાખ હેક્ટર વિસ્તાર જૈવિક ખેતી અંતર્ગત આવરી લેવામાં આવ્યો છે. યોજના અંતર્ગત વધુ 25 લાખ હેક્ટર જમીન આવરી લેવાશે.

**વધુ વાવેતર વિસ્તાર :** 774.37 લાખ હેક્ટરથી 882.18 લાખ હેક્ટર સાથે ખરીફ પાકોના વાવેતર ક્ષેત્રમાં 13.92 %નો વધારો નોંધાયો છે.

ખેડૂતો, FPOs, સહકારી સંસ્થાઓ, PACs અને નાગરિકોએ હાજરી આપી હતી. પ્રધાનમંત્રીએ લગભગ 8.5 કરોડ ખેડૂતોને રૂ. 17,000 કરોડનો PM-KISAN યોજના અંતર્ગત 6ઠ્ઠો હપ્તો પણ મુક્ત કર્યો હતો. આ રોકડ સહાયતા આધારથી પ્રમાણિત થયેલા બેંક ખાતાંઓમાં સીધી જ હસ્તાંતર કરવામાં આવે છે. આ હસ્તાંતર સાથે, યોજના અંતર્ગત 1 ડિસેમ્બર, 2018થી તેના પ્રારંભથી 10 કરોડથી વધારે ખેડૂતોને રૂ. 90,000 કરોડથી વધારે રકમ ફાળવવામાં આવી છે.

### પ્રધાનમંત્રીએ પ્રાથમિક કૃષિ ધિરાણ સંગઠનો સાથે વાર્તાલાપ કર્યો

પ્રધાનમંત્રીએ વીડિયો કોન્ફરન્સિંગ મારફતે કર્ણાટક, ગુજરાત અને મધ્યપ્રદેશમાંથી વિવિધ પ્રાથમિક કૃષિ ધિરાણ સંગઠનો સાથે પણ વાતચીત કરી હતી. આ સંગઠનો દ્વારા તેમને ગોડાઉનના નિર્માણ, પેદાશ વર્ગીકરણ એકમોની સ્થાપનાના આયોજન અંગે માહિતી આપવામાં આવી હતી, જે ખેડૂત સભ્યોને તેમની ઉપજની વધારે ઊંચી કિંમતો પ્રાપ્ત કરવામાં મદદરૂપ સાબિત થશે.

### કૃષિને આર્થિક સહાયતા

પ્રાથમિક કૃષિ ધિરાણ સંગઠનો સાથે તેમના વાર્તાલાપ બાદ, પ્રધાનમંત્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે ખેડૂતો અને કૃષિ ક્ષેત્રને યોજનામાંથી અનેક લાભો પ્રાપ્ત થશે. તેમણે જણાવ્યું હતું કે આ યોજના ખેડૂતો અને કૃષિ ક્ષેત્રને આર્થિક સહાયતા પૂરી પાડશે અને વૈશ્વિક સ્તર પર ભારતની સ્પર્ધા કરવાની ક્ષમતામાં વધારો કરશે.

ભારત સંગ્રહ ભંડારો, કોલ્ડ સ્ટોરેજ અને ખાદ્ય પ્રસંસ્કરણ જેવા લણણી પછીના વ્યવસ્થાપન ઉપાયોમાં અને જૈવિક અને ફોર્ટિફાઇડ ખાદ્યો જેવા ક્ષેત્રોમાં વૈશ્વિક હાજરીના નિર્માણ માટે રોકાણ કરવાની વિશાળ તક ધરાવે છે. આ યોજના કૃષિ ક્ષેત્રમાં સ્ટાર્ટ-અપ માટે લાભો પૂરા પાડીને તેમને ખૂબ જ સારી તક પૂરી પાડે છે અને તેમની કાર્યક્ષમતામાં વધારો કરીને એવા પારિસ્થિક તંત્રનું સર્જન કરે છે જેના લાભો દેશના દરેક ખુણામાં રહેલા ખેડૂતો સુધી પહોંચે છે.

પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે આ યોજનાનો વ્યાપ એટલો વિશાળ છે કે એક દિવસમાં મુક્ત કરાતું ફંડ અનેક દેશોની કુલ વસ્તીને ભેગી કરવામાં આવે તેના કરતાં પણ વધારે લોકો સુધી પહોંચે છે. ■

કૃષિ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ યોજનાના પ્રારંભ અંગે પ્રધાનમંત્રીનું ભાષણ સાંભળવા ક્યૂઆર કોડ સ્કેન કરો.

https://www.youtube.com/watch?time_continue=3&v=yjcvyvMG5NI&feature=emb_logo




# ભારતના નવસર્જન માટે

**રાષ્ટ્રીય શિક્ષણ નીતિ નવા રાષ્ટ્રની આધારશિલા મૂકે છે, જ્યાં યુવાનો શિક્ષણ અને કૌશલ દ્વારા સશક્ત બને છે અને દેશને વિકાસની નવા શિખરો પર પણ પહોંચાડે છે**

દર વર્ષે 5 સપ્ટેમ્બરે ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ.સર્વપલ્લી રાધાક્રિષ્ણનની જન્મજયંતિને શિક્ષણ દિન તરીકે ઉજવવામાં આવે છે. ડૉ.રાધાક્રિષ્ણને શિક્ષણને સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક પરિવર્તનનુ સાધન ગણાવ્યું છે.

આ વિચારને વધુ આગળ વધારતાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, 'આપણે તે સુનિશ્ચિત કરવું પડશે કે આપણાં વિદ્યાર્થીઓ પોતાના મૂળ સાથે જોડાયેલા રહીને વૈશ્વિક નાગરિકો બને.' રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP), 2020 આ જ વિચારધારાનું વિસ્તૃત પ્રતિબિંબ રજૂ કરે છે.

## વિકાસની આધારશિલા

7 ઑગસ્ટ, 2020ના રોજ ઊચ્ચ શિક્ષણ પરિષદ સંબોધતા પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે NEP ઉપર તંદુરસ્ત ચર્ચા ચાલી રહી છે. આ નીતિ નવા ભારત, દેશને મજબૂત બનાવવા યુવાનોને શિક્ષણ અને કૌશલ્ય, દેશને વિકાસના નવા શિખરો પર પહોંચાડવા અને તેમના માટે અનુકૂળ હોય તેવા મહત્તમ અવસરો પૂરા પાડીને નાગરિકોના સશક્તિકરણની આધારશિલા રજૂ કરે છે.

પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે ભારતીય શિક્ષણ વ્યવસ્થામાં કોઇ ફેરફાર ન થવાના કારણે તે નાગરિકોને એકતરફી પ્રાથમિકતા તરફ દોરી ગઇ છે, જ્યાં લોકો માત્ર ડૉક્ટર, એન્જિનિયર અને વકીલ બનવા ઉપર જ પોતાનું સમગ્ર ધ્યાન કેન્દ્રિત કરે છે. જ્યારે બીજી તરફ NEP શિક્ષણ અંગે રવિન્દ્રનાથ ટાગોરના પણ આદર્શોનું પ્રતિબિંબ રજૂ કરે છે, જેનો હેતુ પ્રકૃતિ સાથે શાંતિ અને સંવાદિતા સ્થાપીને સહ-અસ્તિત્વનો હતો. એક સર્વગ્રાહી અભિગમ જરૂરી હતો, જેને NEP દ્વારા સફળતાપૂર્વક પ્રાપ્ત કરવામાં આવ્યો છે.

## સશક્ત સમાજના નિર્માણ માટે

આ નીતિની રચના બે સૌથી મોટા પ્રશ્નો નજર સમક્ષ રાખીને કરવામાં આવી છે: શું શિક્ષણ વ્યવસ્થા યુવાનોને સર્જનાત્મકતા, જિજ્ઞાસા અને કટિબદ્ધતાપૂર્ણ જીવનની પ્રેરણા પૂરી પાડે છે અને શું તે દેશમાં સશક્ત સમાજના નિર્માણમાં મદદ કરવા યુવાનોનું સશક્તિકરણ કરે છે?

NEP મોટાભાગે મહાત્મા ગાંધીની વિચારધારા આત્મસાત કરે છે, જેમાં 'નઇ તાલીમ'ની કામગીરીનો ઉદ્દેશ વ્યાવસાયિક ક્ષેત્રમાં માત્ર વ્યક્તિગત તાલીમ પ્રાપ્ત કરવાનો નહોતો, પરંતુ વધુ માનવીય અભિગમ ધરાવતાં વ્યક્તિત્વને





"શિક્ષણનો અંતિમ ઉદ્દેશ મુક્ત માનવનું સર્જન કરવાનો હોવો જોઇએ, જે ઐતિહાસિક સંજોગો અને કુદરતી વિપત્તીઓનો સામનો કરી શકે."

**- ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણ. ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ**

વિકસાવવાનો હતો. સાચુ શિક્ષણ તમામ વ્યક્તિને સરળતાથી ઉપલબ્ધ બનવું જોઇએ અને દરેક વ્યક્તિના રોજબરોજના જીવનમાં તે ઉપયોગી બનવું જોઇએ.

## વૈશ્વિક નાગરિકો તૈયાર કરવા NEP

NEP વ્યક્તિએ 'કેવી રીતે વિચારવું' તેની ઉપર ખાસ ભાર મૂકે છે. આ માટે બાળકોની જિજ્ઞાસા-આધારિત, શોધવૃત્તિ-આધારિત, ચર્ચા-આધારિત અને વિશ્લેષણ-આધારિત શિક્ષણ પદ્ધતિ ઉપર ભાર મૂકે છે જે વર્ગોમાં તેમની શીખવાની અને ભાગ લેવાની વૃત્તિમાં વધારો કરે છે. તે ઇચ્છે છે કે વિદ્યાર્થીઓને તેમની ધગશ અનુસાર અવસર પ્રાપ્ત થવા જોઇએ. એવું અનેક વખત બને છે કે જ્યારે કોઇ અભ્યાસક્રમ પૂર્ણ કર્યા પછી વિદ્યાર્થી નોકરીની શોધખોળ કરે છે ત્યારે તેને એવો અનુભવ થાય છે કે તેણે જે અભ્યાસ કર્યો છે તે નોકરીની જરૂરિયાતો સાથે બંધબેસતો નથી. અનેક વિદ્યાર્થીઓ અભ્યાસક્રમ પણ છોડી દે છે, આથી આવા તમામ વિદ્યાર્થીઓનું ધ્યાન રાખવા માટે NEPમાં બહુવિધ પ્રવેશ-નિર્ગમનનો વિકલ્પ પૂરો પાડવામાં આવ્યો છે.

તે એક 'ક્રેડિટ બેંક' પણ પૂરી પાડે છે, જ્યાં વિદ્યાર્થીઓ પોતે ઇચ્છે ત્યારે અભ્યાસક્રમ છોડવાની અને જ્યારે તે ફરી જોડાવવા ઇચ્છે ત્યારે તેમાં જોડાવવાની સ્વતંત્રતા ધરાવે છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે,'આપણે તેવા યુગ તરફ આગળ વધી રહ્યાં છે જ્યાં વ્યક્તિ પોતાની જાતે જ પોતાની કુશળતામાં સુધારો અને વધારો કરી શકશે.'

## શ્રમિકોના ગૌરવનું સંપૂર્ણ સન્માન

નવી નીતિમાં શ્રમિકોને ગૌરવ પૂરું પાડવા અંગે ખૂબ જ ધ્યાન આપવામાં આવ્યું છે. ભારત સમગ્ર વિશ્વને પ્રતિભા અને ટેક્નોલોજીનું સમાધાન પૂરું પાડવાની ક્ષમતા ધરાવે છે અને NEP આ જવાબદારીનું વહન કરે છે, જેનો હેતુ અનેક ટેક્નોલોજી-આધારિત વિષયસામગ્રી અને અભ્યાસક્રમો વિકસાવવાનો છે.

## ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓને સ્વાયતતા

ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓને સ્વાયતતા દ્વારા સશક્ત બનાવવાની જરૂર છે. આ સ્વાયતતા અંગે હાલમાં બે પ્રકારની ચર્ચાઓ ચાલી રહી છે. એક ચર્ચાનો સૂર એમ કહે છે કે, દરેક વસ્તુ સરકારના ચુસ્ત નિયંત્રણ હેઠળ જ થવી જોઇએ, જ્યારે અન્ય મત તમામ સંસ્થાઓને આપમેળે સ્વાયતતા આપવાની તરફેણ કરે છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે,'પ્રથમ મત બિન-સરકારી સંસ્થાઓ પ્રત્યેના અવિશ્વાસમાંથી ઊભો થયો છે, જ્યારે બીજા અભિગમમાં સ્વાયતતાને અધિકાર તરીકે ગણવામાં આવ્યો છે. સારી ગુણવત્તા ધરાવતા શિક્ષણનો માર્ગ આ બંને મંતવ્યોની વચ્ચે રહેલો છે.'

## મજબૂત શિક્ષણ વ્યવસ્થા વિકસાવવા માટે

NEP મજબૂત શિક્ષણ વ્યવસ્થા વિકસાવવા તરફ ધ્યાન કેન્દ્રિત કરે છે, જ્યાં શિક્ષકો સારા વ્યાવસાયિકો અને સારા નાગરિકો પેદા કરી શકે. NEPમાં શિક્ષકોની તાલીમ ઉપર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. પ્રધાનમંત્રીએ ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ.એ.પી.જે.અબ્દુલ કલામનું અવતરણ ટાંકતા જણાવ્યું હતું કે,'શિક્ષણનો હેતુ કુશળતા અને તજજ્ઞતા ધરાવતાં સારા માનવોને વિકસાવવાનો છે. પ્રબુદ્ધ માનવોનું સર્જન શિક્ષકો દ્વારા કરી શકાય છે.' ■


### ઉચ્ચ શિક્ષણ

- NEP ઉચ્ચ શિક્ષણમાં કુલ નામાંકન ગુણોત્તર 26.3 % (2018)થી વધારીને 2035 સુધીમાં 50% ઉપર લઇ જશે. 3.5 કરોડ નવી બેઠકો ઉમેરવામાં આવશે.
- બહુવિધ નિર્ગમન વિકલ્પો સાથે અનુસ્નાતક શિક્ષણ. ઉદાહરણ તરીકે, 1 વર્ષ પછી પ્રમાણપત્ર, 2 વર્ષ પછી એડવાન્સ ડિપ્લોમા, 3 વર્ષ પછી સ્નાતકની પદવી અને 4 વર્ષ પછી સંશોધન સાથે સ્નાતક.
- IITs, IIMsની જેમ જ વિવિધલક્ષી શૈક્ષણિક અને સંશોધન યુનિવર્સિટીઓની સ્થાપના કરવામાં આવશે.
- NCTE દ્વારા શિક્ષક પ્રશિક્ષણ માટે રાષ્ટ્રીય અભ્યાસક્રમ રૂપરેખા, NCFTE 2021ની રચના કરવામાં આવશે.
- 2030 સુધીમાં શિક્ષક બનવા માટેની લઘુત્તમ શૈક્ષણિક લાયકાત સંકલિત 4 વર્ષની સંકલિત બી.એડ.ની પદવી હશે.
- ઇ-એજ્યુકેશનની જરૂરિયાતો તરફ ધ્યાન આપવા ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર, ડિજિટલ વિષયસામગ્રી અને ક્ષમતા નિર્માણ માટે MHRDમાં એક વિશિષ્ટ એકમની રચના કરવામાં આવશે.

NEP અંગે પ્રધાનમંત્રીનું ભાષણ સાંભળવા QR કોડ સ્કેન કરો.

https://www.youtube.com/watch?time_continue=263&v=4SV5rf_DHtE&feature=emb_logo

# ‘ભારતના વાસ્તવિક જૂસ્સાની ઉજવણી’



**માનનીય રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે સ્વતંત્રતા દિનની પૂર્વસંધ્યા પર રાષ્ટ્રજોગ સંબોધન કર્યું હતું. તેમાં તેમણે દેશના સદીઓ જૂના સાંસ્કૃતિક મૂલ્યો ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યુ હતું, જે આપણને આ મહામારીના મુશ્કેલ સમયમાં માર્ગદર્શન પૂરું પાડે છે. તેમના સંબોધનમાંથી અવતરણોઃ**

મારા પ્રિય દેશવાસીઓ,

નમસ્કાર!

- 15 ઑગસ્ટે આપણે તિરંગો લહેરાવવાના, ઉજવણીમાં ભાગ લેવાના અને રાષ્ટ્રભક્તિના ગીતો સાંભળવાના રોમાંચમાં આવી જઇએ છીએ. આપણે આપણાં સ્વતંત્રતા સેનાનીઓ અને શહીદોને હૃદયપૂર્વક યાદ કરીએ છીએ, જેમણે રાષ્ટ્રની આઝાદી માટે પોતાના પ્રાણની આહૂતી આપી છે.
- આપણાં દૂરંદેશી નેતાઓએ એક રાષ્ટ્રીય ભાવનાના નિર્માણ માટે વૈવિધ્યસભર વિશ્વને એક છત્રછાયામાં એકત્રિત કર્યુ છે. આપણે જુલમી વિદેશી શાસનમાંથી ભારત માતાને આઝાદ કરવા અને આપણાં બાળકોના ભવિષ્યને સલામત કરવાના ઉદ્દેશ પ્રત્યે કટિબદ્ધ હતાં.
- આપણે ભાગ્યશાળી છીએ કે મહાત્મા ગાંધી આપણાં સ્વતંત્રતા આંદોલનમાં પથદર્શક બન્યાં હતાં. તેમના વ્યક્તિત્વમાં સંત અને રાજનેતાનો એક અદ્દ્ભૂત સમન્વય જોવા મળે છે. જે માત્ર ભારતની ભૂમિ ઉપર જ સંભવી શકે છે. સમગ્ર વિશ્વ ગાંધીજીના ઉપદેશોમાંથી સમાધાન પ્રાપ્ત કરે છે.
- અત્યારે સમગ્ર વિશ્વ ઘાતક વાયરસનો સામનો કરી રહ્યું છે, જેણે જન-જીવનમાં ભારે વિક્ષેપ ઊભો કર્યો છે અને અનેક લોકોએ પોતાના જીવ ગુમાવ્યાં છે. આ મહામારીના કારણે આપણા સૌની જીવનશૈલી સંપૂર્ણપણે બદલાઇ ગઇ છે.
- કેન્દ્ર સરકાર, એક તરફ જ્યારે આ અભૂતપૂર્વ પડકારનો સામનો કરી રહી છે ત્યારે બીજી તરફ સરકારે વાયરસનો પ્રભાવશાળી રીતે અને સમયસર સામનો પણ કર્યો છે. ભારે વસ્તી ગીચતા ધરાવતાં આટલા વિશાળ અને વૈવિધ્યપૂર્ણ દેશમાં આ પ્રકારના પડકારનો સામનો ભગીરથ માનવીય પ્રયત્નો માંગી લે છે.
- સમગ્ર રાષ્ટ્ર ડૉક્ટર, નર્સ અને અન્ય આરોગ્ય કર્મચારીઓનું ઋણી છે જેમણે વાયરસ સામેની આપણી લડાઇમાં હંમેશા અગ્રીમ હરોળમાં રહીને તેનો સામનો કર્યો છે. તે આપણાં રાષ્ટ્રના હીરો છે. તેઓ આપણાં જીવન અને રોજગારી બચાવવા માટે પોતાના જીવને જોખમમાં મૂકે છે.
- પશ્ચિમ બંગાળ અને ઓડિશામાં ચક્રવાત અમ્ફાન આપણી ઉપર ત્રાટક્યું હતું. આ આપત્તિ દરમિયાન આપત્તિ વ્યવસ્થાપન ટીમ, કેન્દ્ર અને રાજ્યની સંસ્થાઓના સંગઠિત પ્રયાસો અને નાગરિકોને આપવામાં આવેલી આગોતરી ચેતવણીએ જાન-માલના નુકસાનને ઓછું કરવામાં ખૂબ જ મદદ કરી છે. પૂર્વોત્તર અને પૂર્વીય રાજ્યોમાં આપણાં દેશવાસીઓને પૂરના પ્રકોપનો સામનો કરવો પડ્યો છે. આ પ્રકારની અનેક આપત્તિઓની વચ્ચે, સમાજના તમામ વર્ગોના લોકો એકજૂથ થઇને, સંકટગ્રસ્ત લોકોની વહારે આવી રહ્યાં છે.
- ગરીબો અને દૈનિક આજીવિકા રળતાં લોકોને આ મહામારીનો સૌથી વધુ ભોગ બનવું પડ્યું છે. ‘પ્રધાનમંત્રી

ગરીબ કલ્યાણ યોજના' શરૂ કરીને, સરકારે કરોડો લોકોને આજીવિકા પૂરી પાડી છે અને નોકરી ગુમાવવાના કારણે પેદા થતી અસરો નાબૂદ કરી છે.

● જરૂરિયાતમંદોને વિનામૂલ્યે અનાજ આપવામાં આવી રહ્યું છે, જેથી કોઇપણ પરિવાર ભૂખ્યો ન રહે. વિશ્વના સૌથી મોટા અનાજ વિતરણ કાર્યક્રમને નવેમ્બર 2020 સુધી વધારી દેવામાં આવ્યો છે. તે અંતર્ગત દર મહિને આશરે 80 કરોડ લોકોને ખાદ્યપુરવઠો પૂરો પાડવામાં આવે છે.

● સરકાર 'વંદે ભારત મિશન' હેઠળ 10 લાખથી વધારે ભારતીયોને સ્વદેશ પરત લાવી છે. રેલવે આ પડકારજનક સમયમાં લોકોની મુસાફરી અને વસ્તુઓના પરિવહન માટે ટ્રેન સેવાઓ પૂરી પાડી રહી છે.

● સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના અસ્થાયી સભ્ય માટે યોજાયેલી ચૂંટણીઓમાં ભારતને પ્રાપ્ત થયેલું ભારે સમર્થન આંતરરાષ્ટ્રીય સ્તરે આપણા પ્રત્યે આદરભાવની સાક્ષી પૂરે છે.

● ભારતની આત્મનિર્ભરતાનો અર્થ દુનિયાથી અલગ થયા અથવા અંતર જાળવ્યાં વગર પોતાને સક્ષમ બનાવવાનો છે.

● આપણા પડોશમાં પોતાની વિસ્તારવાદી પ્રવૃત્તિઓને અંજામ આપવાનું દુ:સાહસ કરવામાં આવ્યું હતું. આપણાં બહાદૂર જવાનોએ આપણી સરહદોની સુરક્ષા માટે પોતાના પ્રાણનું બલિદાન આપી દીધું. સમગ્ર રાષ્ટ્ર ગલવાન ઘાટીના શહીદોને નમન કરે છે.

● કૃષિ ક્ષેત્રમાં ઐતિહાસિક સુધારાઓ હાથ ધરવામાં આવ્યાં છે. હવે ખેડૂત કોઇપણ અવરોધ વગર વેપાર કરી શકે છે અને દેશમાં કોઇપણ સ્થળે પોતાની ઉપજ વેચીને મહત્તમ મૂલ્ય પ્રાપ્ત કરી શકે છે. ખેડૂતો ઉપર મુકવામાં આવેલા કેટલાક નિયમનકારી પ્રતિબંધો દૂર કરવા આવશ્યક ચીજવસ્તુ અધિનિયમમાં સુધારો કરવામાં આવ્યો છે.

● આપણે વર્ષ 2020માં અનેક બોધપાઠો શીખ્યાં છે. જળવાયુ પરિવર્તનની જેમ મહામારીએ સમગ્ર વૈશ્વિક સમુદાયમાં આપણાં ભાગ્ય એક-બીજા સાથે જોડાયેલા હોવાની ચેતના જગાડી છે. મારા મત અનુસાર, વર્તમાન પરીપ્રેક્ષ્યમાં 'અર્થ-કેન્દ્રિત સમાવેશ' કરતાં 'માનવ-કેન્દ્રિત સહયોગ' વધુ મહત્ત્વપૂર્ણ છે.

● બીજો બોધપાઠ એ છે કે પ્રકૃતિરૂપી જનનીની સમક્ષ આપણે સૌ એક સમાન છીએ અને આપણે પોતાના જીવનની રક્ષા અને વિકાસ માટે મુખ્યત્વે આપણાં આસપાસના લોકો ઉપર નિર્ભર છીએ. તેનાથી એ માન્યતા વધુ મજબૂત થાય છે કે આપણે માનવસર્જિત તમામ ભેદભાવો, પૂર્વગ્રહો અને અવરોધો ભૂલાવીને આગળ વધવાની જરૂર છે.

● ત્રીજો બોધપાઠ સ્વાસ્થ્ય સેવાઓને વધુ મજબૂત બનાવવા અંગેનો છે. કોવિડ-19 સામે સાર્વજનિક હોસ્પિટલો અને લેબોરેટરીઓ અગ્રણી ભૂમિકા ભજવી રહી છે.

● ચોથો બોધપાઠ વિજ્ઞાન અને ટેકનોલોજી સંબંધિત છે. લૉકડાઉન અને ત્યારબાદ ક્રમશ: અનલૉક દરમિયાન સૂચના અને સંદેશાવ્યવહારની ટેકનોલોજી પ્રશાસન, શિક્ષણ, વ્યવસાય, કાર્યાલયના કામકાજ અને સામાજિક સંપર્કના અસરકારક સાધન તરીકે ઉભરી આવી છે.

● સરકારે 'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ'નો અમલ કરવાનો નિર્ણય લીધો છે. આ નીતિ ભવિષ્યના પડકારોને અવસરમાં બદલીને નવાભારતનો માર્ગ મોકળો કરશે.

● 'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ' શિક્ષણના ક્ષેત્રમાં 'સમાવેશ', 'નવાચાર' અને 'સંગઠન'ની સંસ્કૃતિને મજબૂત બનાવશે. માતૃભાષામાં અભ્યાસને મહત્વ આપવામાં આવ્યું છે જેથી યુવા મનનો સહજતાથી વિકાસ થઇ શકે.

● રામ જન્મભૂમિનો મુદ્દો ન્યાયિક પ્રક્રિયા મારફતે ઉકેલવામાં આવ્યો છે. તેની સાથે તમામ સંબંધિત પક્ષકારો અને લોકોએ સર્વોચ્ચ અદાલતના ચુકાદાને આદરપૂર્વક સ્વીકાર્યો છે અને સમગ્ર વિશ્વને ભારતના શાંતિ, અહિંસા, પ્રેમ અને સૌહાર્દના મૂલ્યોનો પરિચય કરાવ્યો છે.

**સર્વે ભવન્તુ સુખિન:, સર્વે સન્તુ નિરામયા:**
**સર્વે ભદ્રાણિ પશ્યન્તુ, મા કશ્ચિદ્ દુ:ખભાગ્ ભવેત્**

સમગ્ર વિશ્વના કલ્યાણ માટે આ પ્રાર્થનામાં અપાયેલો સંદેશ વિશ્વને ભારતની અનોખી ભેટ છે.

ફરી એકવાર, હું આપ સૌને 74માં સ્વતંત્રતા દિનની શુભેચ્છાઓ પાઠવું છું. હું આપ સૌના સારા સ્વાસ્થ્ય અને ઉજ્જવળ ભવિષ્યની મંગલકામના કરું છું.

આભાર

જય હિન્દ ■

ભારતના માનનીય રાષ્ટ્રપતિના સંપૂર્ણ ભાષણ માટે QR કોડ સ્કેન કરો.

https://www.youtube.com/watch?v=cK38nEOuT8M

# #AATMANIRBHAR



# BHARAT વિકાસનો નવો મંત્ર



## લાલ કિલ્લાની પ્રાચીર પરથી સંબોધન આપતા પ્રધાનમંત્રીએ 130 કરોડ ભારતીયોની વિકાસગાથાને વેગ આપવા માટે આત્મનિર્ભર ભારતનો મંત્ર આપ્યો હતો

જ્યારે તેઆ 74મા સ્વતંત્રતા દિનના પ્રસંગે ઐતિહાસિક લાલ કિલ્લાની પ્રાચીર પર ઉપસ્થિત થયા ત્યારે કોવિડ-19 મહામારી વિરુદ્ધ દેશની લડાઇનું નેતૃત્વ કરી રહ્યાં હોવાના કારણે પોતે સમગ્ર રાષ્ટ્રને ઘેરી વરેલા પડકારો અને પ્રવર્તિ રહેલી ઉદાસીન લાગણીથી સારી રીતે વાકેફ હતા. પરંતુ આ સમય રાષ્ટ્રની 130 કરોડ જનતાને ઉર્જાવાન બનાવવા તેમની પાસે 'આત્મનિર્ભર ભારત'નો એક મજબૂત મંત્ર હાથવગો હતો, એક એવો માર્ગ જે રાષ્ટ્રના સૌહાર્દમાં ભારતને તેના સંપૂર્ણ વૈભવ તરફ દોરી જાય છે.

'આ 21મી શતાબ્દીનો ત્રીજો દાયકો એવો દાયકો છે જેમાં આપણે આપણાં સપનાંઓને સાકાર કરી શકીએ. કોરોના મોટી સમસ્યા છે, પરંતુ એટલી મોટી સમસ્યા પણ નથી જે આપણને આત્મનિર્ભર ભારતના વિજયપથ ઉપર આગળ વધતાં અટકાવી શકે.'

પોતાના 1 કલાક 27 મિનિટ લાંબા પ્રવચનમાં, પ્રધાનમંત્રીએ વિકાસની વિચારધારા આગળ ધપાવવા વિસ્તૃત રણનીતિ રજૂ કરી હતી અને દરેક કટોકટીને અવસરમાં પરિવર્તિત કરવાના નિર્ધારનું દેશને સ્મરણ કરાવ્યું હતું.

તેમણે દેશને 'મેક ફોર વર્લ્ડ'ના હેતુ સાથે 'મેક ઇન ઇન્ડિયા'ની અપીલ કરી હતી. તેઓ એ હકીકત પ્રત્યે સજાગ હતા કે આત્મનિર્ભરતાનો અર્થ એ નથી કે આપણે ખુદને માત્ર પોતાના દેશ પૂરતો જ મર્યાદિત કરી લઇએ પરંતુ તેનો અર્થ એ છે કે વિશ્વ સુધી પહોંચવા માટે આપણે આપણી પાંખો ફેલાવીએ.

પ્રધાનમંત્રીએ દેશવાસીઓનું તે તરફ પણ ધ્યાન દોર્યું હતું કે કેવી રીતે કોરોના યોદ્ધાઓ મહામારી સામે અગ્રીમ હરોળ પર લડી રહ્યાં છે. આ ઉપરાંત તેમણે આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતિમાં અવરોધ ઊભો કરનારી કેટલાક દેશોની વિસ્તારવાદી માનસિકતા અને નીતિઓને પણ વખોડી કાઢી હતી.

પ્રધાનમંત્રીએ મહાત્મા ગાંધીની 150મી જન્મજયંતિના વર્ષ પર ભારતને ખુલ્લામાં શૌચક્રિયાથી મુક્ત બનાવવાના પોતાના નિર્ધારને સાર્થક કરવા બદલ દેશવાસીઓને અભિનંદન પાઠવ્યાં હતાં.

ગ્રામીણ ભારતમાં અત્યાધુનિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરતાં પ્રધાનમંત્રીએ ચાવીરૂપ વિકાસકાર્ય તરીકે 1000 દિવસોમાં છ લાખ ગામડાઓમાં ઓપ્ટિકલ ફાઇબર નેટવર્ક બિછાવવાનું લક્ષ્ય નિર્ધારિત કર્યું હતું.

ભલે તે નાગરિકતા સુધારો અધિનિયમ હોય કે, SCs/STs/OBCs માટે આરક્ષણ હોય, આસામ અને ત્રિપુરામાં શાંતિ કરાર અને ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફની નિમણૂંક હોય કે કરતારપુર સાહિબ કોરિડોરનું નિર્માણ હોય, ભારત કેટલીક ઐતિહાસિક ક્ષણોનું સાક્ષી બન્યું છે અને અસામાન્ય સફળતા પ્રાપ્ત કરવામાં આવી છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે જન ધન ખાતાંઓ 40 કરોડનો આંક વટાવી ગયા છે, જે કોવિડ મહામારીના સમયગાળા દરમિયાન ગરીબોને સીધા લાભ હસ્તાંતરણની સુવિધા પૂરી પાડી રહ્યું છે.

**ભારત સરકારે કોરોના મહામારી દરમિયાન પણ કૃષિ ઇન્ફ્રાસ્ટ્રક્ચર માટે 1,00,000 કરોડ રૂપિયાની મંજૂરી આપી છે. આ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ખેડૂતોના કલ્યાણ માટે હશે અને તે તેમની પેદાશની વધુ સારી કિંમતો પ્રાપ્ત કરી શકશે અને તેઓ વિદેશી બજારમાં તેમની પેદાશો વેચવા માટે સક્ષમ બનશે.**

તમામ વિપરિત પરિસ્થિતિઓમાં પણ રાષ્ટ્રના અર્થતંત્રને નવું સ્વરૂપ આપવામાં મધ્યમ વર્ગની ભૂમિકા બિરદાવતા પ્રધાનમંત્રીએ રાષ્ટ્રીય ડિજિટલ આરોગ્ય યોજનાની જાહેરાત કરી હતી.

તેમણે પ્રોજેક્ટ ટાઇગરની રૂપરેખા પર જ પ્રોજેક્ટ લાયન અને પ્રોજેક્ટ ડોલ્ફિન શરૂ કરવાની જાહેરાત કરી હતી. રામ જન્મભૂમિ અંગે માનનીય સર્વોચ્ચ અદાલતના નિર્ણયને સ્વીકારવાની બાબતમાં દેશે દર્શાવેલા સંયમની પ્રશંસા કરતાં પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, શાંતિ, એકતા અને સૌહાર્દ આત્મનિર્ભર ભારતને વધુ મજબૂતી પ્રદાન કરશે.



## પ્રધાનમંત્રીના સંબોધનમાંથી કેટલાક મુખ્ય અવતરણો નીચે મુજબ છે:

74માં સ્વતંત્રતા દિનની ઉજવણી પર સૌને અભિનંદન

મારા પ્રિય દેશવાસીઓ, આ પાવન પ્રસંગે, આપ સૌને અભિનંદન અને શુભેચ્છાઓ.

## કોરોના યોદ્ધાઓને સલામ

કોરોના મહામારીના આ અસામાન્ય સમયમાં, કોરોના યોદ્ધાઓ 'સેવા પરમો ધર્મ'ના મંત્ર સાથે જીવ્યાં છે. ડૉક્ટરો, નર્સો, પેરામેડિકલ કર્મચારીઓ, એમ્બ્યુલન્સના કર્મચારીઓ, સફાઇ કર્મચારીઓ, પોલીસ જવાનો અને અનેક લોકો દિવસ-રાત એક કરીને કામગીરી કરી રહ્યાં છે.

## પૂરનો ભોગ બનેલા પરિવારોને સાંત્વના

દેશના વિવિધ ભાગોમાં આવેલી કુદરતી આપત્તિઓના કારણે જીવ ગુમાવનારા લોકો પ્રત્યે ઊંડી દુ:ખની લાગણી વ્યક્ત કરતાં તેમણે ખાતરી આપી હતી કે જરૂરિયાતના આ સમયમાં દેશવાસીઓને સંપૂર્ણ સહકાર પૂરો પાડવામાં આવશે.



## ભારતનો સ્વતંત્ર સંગ્રામ સમગ્ર વિશ્વને પ્રેરણા આપે છે

ભારતનો સ્વતંત્રતા સંગ્રામ સમગ્ર વિશ્વને પ્રેરિત કરે છે. વિસ્તારવાદની વિચારધારાએ કેટલાક દેશોને ગુલામ બનાવી દીધા હતાં. ભીષણ યુદ્ધની વચ્ચે પણ ભારતે પોતાના સ્વતંત્રતાની લડાઇને જરા પણ વિચલિત થવા દીધી નહોતી.

## આત્મનિર્ભર ભારત માટે નિર્ધાર

કોવિડ મહામારીની વચ્ચે, 130 કરોડ ભારતીયોએ આત્મનિર્ભર બનવાનો દૃઢ સંકલ્પ લીધો છે અને ભારતના મનમાં 'આત્મનિર્ભર ભારત'ની લાગણી છવાયેલી છે. આજે આત્મનિર્ભર ભારત 130 કરોડ ભારતીયોનો 'મંત્ર' બની ગયો છે. મારા સાથી દેશવાસીઓની ક્ષમતાઓ, વિશ્વાસ અને સંભાવનાઓ પર મને સંપૂર્ણ વિશ્વાસ છે. આપણે એકવાર કંઇક કરવાનો નિર્ધાર કરીએ છીએ ત્યારે તે લક્ષ્ય જ્યાં સુધી પ્રાપ્ત ન થાય ત્યાં સુધી રાહતનો શ્વાસ લેતા નથી.

## વૈશ્વિક અર્થતંત્રમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા અદા કરવી

આજે, સમગ્ર વિશ્વ એક-બીજા સાથે જોડાયેલું છે અને એક-બીજા ઉપર નિર્ભર છે. આ જ તે સમય છે જ્યારે ભારતે વૈશ્વિક અર્થતંત્રમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવવાની છે. આ માટે, ભારતે આત્મનિર્ભર બનવું પડશે. કૃષિ, અવકાશથી માંડીને આરોગ્ય સંભાળ સુધી, ભારત આત્મનિર્ભર ભારતના નિર્માણ માટે અનેક પગલાંઓ ભરી રહ્યું છે. મને વિશ્વાસ છે કે અવકાશ ક્ષેત્રને ખુલ્લું મુકવા જેવા કેટલાક પગલાંઓ આપણાં યુવાનો માટે રોજગારીની સંખ્યાબંધ તકોનું સર્જન કરશે અને કૌશલ્ય અને ક્ષમતાઓમાં વધારો કરવા માટે નવા આયામો પૂરા પાડશે.

## કોરોના દરમિયાન નિકાસમાં વધારો

માત્ર થોડા મહિના પહેલા આપણે વિદેશમાંથી આયાત કરેલા N-95 માસ્ક, PPE કિટ્સ અને વેન્ટિલેટર્સનો ઉપયોગ કરતાં હતા. મહામારીના સમય દરમિયાન આપણે માત્ર N-95 માસ્ક, PPE કિટ્સ અને વેન્ટિલેટર્સ બનાવ્યાં જ નથી, પરંતુ આપણે સમગ્ર વિશ્વમાં તેની નિકાસ કરવા સક્ષમ બન્યાં છે.

> **તમારા ધ્યાન ઉપર આવ્યું હશે કે રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં રાષ્ટ્રીય સંશોધન સંસ્થાન ઉપર વિશેષ ભાર મૂકવામાં આવી રહ્યો છે કારણ કે પ્રગતિ કરવા માટે રાષ્ટ્રને આવિષ્કારની જરૂર હોય છે. આવિષ્કાર અને સંશોધન ઉપર વધારે ભાર મૂકવામાં આવશે, તે સ્પર્ધાત્મક વિશ્વમાં ભારતને આગળ વધારવા માટે દેશની તાકાત બનશે.**

## મેક ફોર વર્લ્ડ

'મેક ઇન ઇન્ડિયા' સિવાય, આપણે 'મેક ફોર વર્લ્ડ'ના મંત્રને પણ આત્મસાત કરવાની જરૂર છે.

## વિકાસને વેગવાન બનાવવા પાઇપલાઇન પ્રોજેક્ટ

રૂ. 110 લાખ કરોડના મૂલ્યનો રાષ્ટ્રીય ઇન્ફ્રાસ્ટ્રક્ચર પાઇપલાઇન પ્રોજેક્ટ આપણી એકંદર ઇન્ફ્રાસ્ટ્રક્ચર પરિયોજનાઓને વેગવાન બનાવશે. આપણે હવે મલ્ટી-મોડલ કનેક્ટિવિટી ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઉપર ધ્યાન કેન્દ્રિત કરીશું. હવે આપણી બીબાઢાળ સ્થિતિમાં કામ નહીં કરીએ, બલકે આપણે સર્વગ્રાહી અને એકીકૃત ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઉપર ધ્યાન કેન્દ્રિત કરીશું. જુદા-જુદા ક્ષેત્રોની

આશરે 7,000 પરિયોજનાઓ પણ ઓળખી કાઢવામાં આવી છે. તે ઇન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રમાં નવી ક્રાંતિ લાવશે.

## ભારત, મહત્ત્વનું ખાદ્ય પ્રસંસ્કરણકર્તા

ક્યાં સુધી આપણાં દેશમાંથી કાચો માલ-સામાન બહાર જઇને ઉત્પાદન થશે અને ફરી પાછો ભારતમાં જ આવશે. એક સમય હતો કે જ્યારે આપણી કૃષિ વ્યવસ્થા ખૂબ જ પછાત હતી. ત્યારે સૌથી મોટી ચિંતા દેશવાસીઓનું પેટ કેવી રીતે ભરવું તે હતી. આજે, આપણે માત્ર ભારતને જ નહીં બલ્કે વિશ્વના અનેક દેશોને અનાજ પૂરું પાડવાની સ્થિતિમાં આવી ગયા છીએ. આત્મનિર્ભર ભારતનો એકમાત્ર અર્થ વિદેશમાંથી આયાત ઘટાડવાનો જ નથી પરંતુ તેનો અર્થ આપણી કૂશળતાઓ અને આપણી સર્જનાત્મકતામાં વધારો કરવાનો પણ છે.

> **છ લાખથી વધારે ગામડાંઓમાં હજારો-લાખો કિલોમીટરનો ઓપ્ટિકલ ફાઇબર બિછાવવામાં આવશે. અમે નક્કી કર્યું છે કે 1000 દિવસની અંદર, અમે ઓપ્ટિકલ ફાઇબરની મદદથી છ લાખ ગામડાંઓને જોડવાનું કાર્ય પૂર્ણ કરીશું.**

## કોવિડ દરમિયાન FDIના પ્રવાહમાં વધારો

સમગ્ર વિશ્વ ભારતમાં હાથ ધરવામાં આવી રહેલા સુધારાઓની નોંધ લઇ રહ્યું છે. તેના પરિણામે, FDIના પ્રવાહે તમામ વિક્રમો તોડી નાંખ્યા છે. કોવિડ મહામારીના સમયગાળામાં પણ દેશમાં FDIના પ્રવાહમાં 18%નો વધારો જોવા મળ્યો છે.

## જન-ધન ખાતાઓની સફળ ગાથા

કોણ કલ્પના કરી શકે કે લાખો કરોડો રૂપિયા સીધા જ દેશના ગરીબોના જન ધન ખાતાંઓમાં ટ્રાન્સફર કરવામાં આવશે? કોણે વિચાર્યું હશે કે ખેડૂતોના લાભાર્થે APMC અધિનિયમમાં આટલા મોટા પાયે સુધારો કરવામાં આવશે? એક દેશ – એક રાશન કાર્ડ, એક રાષ્ટ્ર – એક કર, નાદારી અને દેવાદારી સંહિતા અને બેંકોનું વિલિનીકરણ આજે આપણાં દેશની વાસ્તવિકતા છે.

## મહિલા સશક્તિકરણ

અમે મહિલાઓના સશક્તિકરણ માટે કામ કર્યું છે – નૌસેના અને વાયુસેનામાં મહિલાઓની યુદ્ધસેવામાં નિયુક્તિ કરવામાં આવી રહી છે, મહિલાઓ હવે નેતૃત્વ કરે છે અને અમે ટ્રિપલ તલાકની પ્રથા નાબૂદ કરી છે, મહિલાઓ



માત્ર રૂ. 1માં સેનેટરી નેપકિન મેળવી રહી છે.

## શ્રમ શક્તિને સલામ

મારા પ્રિય દેશવાસીઓ, આપણાં ત્યાં કહેવાય છે – સામર્થ્યમૂલં સાતંત્ર્યં, શ્રમમૂલં વૈભવમ. તેનો અર્થ છે સમાજની તાકાત, કોઇપણ રાષ્ટ્રની સ્વતંત્રતાની શક્તિ છે અને તેની સમૃદ્ધિ અને તેની પ્રગતિનો સ્રોત તેની શ્રમ શક્તિ છે.

## ગરીબ કલ્યાણ રોજગાર અભિયાન

7 કરોડ ગરીબ પરિવારોને વિનામૂલ્યે ગેસ સિલિન્ડર આપવામાં આવ્યાં છે, 80 કરોડથી વધારે લોકોને રેશન કાર્ડ વગર જ વિનામૂલ્યે અન્ન પૂરું પાડવામાં આવ્યું છે, આશરે રૂ. 90 હજાર કરોડ બેંક ખાતાંઓમાં લાભાર્થીઓને સીધા જ ટ્રાન્સફર કરવામાં આવ્યાં હતા. ગરીબોને તેમના ગામડાઓમાં જ રોજગારી મળી રહે તે માટે ગરીબ કલ્યાણ રોજગાર અભિયાન પણ શરૂ કરવામાં આવ્યું છે.

## વોકલ ફોર લોકલ

વોકલ ફોર લોકલ, રિ-સ્કિલ અને અપ-સ્કિલ અભિયાન ગરીબી રેખાથી નીચે જીવી રહેલા લોકોના જીવનમાં આત્મનિર્ભર અર્થતંત્ર લાવશે.

## મહત્ત્વાકાંક્ષી જિલ્લાઓનો વિકાસ

વિકાસના સંદર્ભમાં દેશના સંખ્યાબંધ પ્રદેશો પાછળ રહી ગયા છે. આવા 110થી વધારે મહત્ત્વાકાંક્ષી જિલ્લાઓ પસંદ કરીને, વિશેષ પ્રયત્નો કરવામાં આવી રહ્યાં છે જેથી લોકો બહેતર શિક્ષણ, બહેતર આરોગ્ય સુવિધાઓ અને બહેતર રોજગારીના અવસરો પ્રાપ્ત કરી શકે.

## કૃષિ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ભંડોળ

આત્મનિર્ભર ભારત એક મહત્ત્વપૂર્ણ પ્રાથમિકતા



ધરાવે છે – આત્મનિર્ભર કૃષિ અને આત્મનિર્ભર ખેડૂતો. દેશના ખેડૂતોને આધુનિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર પૂરું પાડવા માટે, થોડા દિવસ પહેલા રૂ. 1 લાખ કરોડના 'કૃષિ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ભંડોળ'ની રચના કરવામાં આવી છે.

## જલ જીવન

આજ લાલ કિલ્લા પરથી ગયા વર્ષે મેં જલજીવન મિશનની જાહેરાત કરી હતી. આજે, આ મિશન અંતર્ગત, દરરોજ એક લાખથી વધારે આવાસોને પાણી માટે નળના જોડાણ મળી રહ્યાં છે.

## મધ્યમ વર્ગની શક્તિ

મધ્યમ વર્ગમાંથી આવી રહેલા વ્યાવસાયિકો માત્ર ભારતમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં પોતાના કૌશલ્યનો ડંકો વગાડી રહ્યાં છે. મધ્યમ વર્ગને અવસરની જરૂર છે, મધ્યમ વર્ગને સરકારી હસ્તક્ષેપોમાંથી મુક્તિ જોઇએ છે.

## તમામ માટે આવાસ

આવું પ્રથમ વખત બની રહ્યું છે જ્યારે તમારા ઘર માટે લીધેલી હોમ લોનના EMI પર ચૂકવણીના સમયગાળા દરમિયાન રૂ. 6 લાખ સુધીનું વળતર પ્રાપ્ત થઇ રહ્યું છે. માત્ર ગયા વર્ષ દરમિયાન, અધૂરા ઘરોના કાર્યો પૂર્ણ કરવા માટે રૂ. 25 હજાર કરોડના ભંડોળની સ્થાપના કરવામાં આવી છે.

## રાષ્ટ્રીય શિક્ષણ નીતિ

આત્મનિર્ભર ભારતના નિર્માણમાં, આધૂનિક ભારતના નિર્માણમાં, નવા ભારતના નિર્માણમાં, સમૃદ્ધ ભારતના નિર્માણમાં દેશનું શિક્ષણ ખૂબ જ મહત્ત્વ ધરાવે છે. આ વિચાર સાથે, દેશમાં નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ લાવવામાં આવી છે.

## ડિજિટલ ઇન્ડિયા અભિયાન

કોરોના સમયમાં, અમારા ધ્યાન ઉપર આવ્યું છે કે ડિજિટલ ઇન્ડિયા અભિયાને શું ભૂમિકા નિભાવી છે. માત્ર ગયા મહિને, માત્ર BHIM UPI મારફતે લગભગ રૂ. 3 લાખ કરોડની લેવડ-દેવડ હાથ ધરવામાં આવી હતી.

## તમામ માટે કનેક્ટિવિટી

2014 પહેલા, દેશમાં માત્ર 5 ડઝન પંચાયતો જ ઓપ્ટિકલ ફાઇબરથી જોડાયેલી હતી. છેલ્લા પાંચ વર્ષમાં, દેશમાં 1.5 લાખ ગ્રામ પંચાયતોને ઓપ્ટિકલ ફાઇબરથી જોડવામાં આવી છે. દેશના તમામ 6 લાખ ગામડાંને આગામી 1000 દિવસમાં ઓપ્ટિકલ ફાઇબર દ્વારા જોડવામાં આવશે.

## મહિલા શક્તિને સલામ

મારા પ્રિય દેશવાસીઓ, આપણો અનુભવ કહે છે કે ભારતમાં મહિલા શક્તિને જ્યારે પણ તકો પ્રાપ્ત થઇ છે ત્યારે તેમણે તેનો ઉપયોગ દેશનું નામ રોશન કરવામાં અને દેશને વધુ મજબૂત બનાવવામાં કર્યો છે. આજે, મહિલાઓ માત્ર કોલસાની ખાણોમાં જ કામ નથી કરતી પરંતુ તેઓ આજે યુદ્ધ વિમાનો ઉડાવી રહી છે, આકાશમાં નવી ઊંચાઇઓને આંબી રહી છે.

> **કોરોના કટોકટીના પ્રારંભિક તબક્કામાં, એક દિવસમાં માત્ર 300 પરીક્ષણો જ હાથ ધરી શકાતાં હતાં, પરંતુ ખૂબ જ ટૂંકા સમયગાળામાં, આપણાં લોકોએ તે દર્શાવી દીધું છે કે આપણે પ્રતિ દિન 7 લાખથી વધારે પરીક્ષણો હાથ ધરી શકીએ છીએ. આપણે 300થી શરૂઆત કરી હતી અને 7 લાખ પર પહોંચી ગયા છીએ!**

## મહિલાઓ, જન ધન ખાતાની મુખ્ય લાભાર્થી

દેશમાં ખોલવામાં આવેલા 40 કરોડ જન ધન ખાતાંઓમાંથી આશરે 22 કરોડ ખાતાઓ માત્ર મહિલાઓના જ છે. કોરોનાના સમયમાં, એપ્રિલ-મે-જૂન આ ત્રણ મહિના દરમિયાન, મહિલાઓના ખાતાંઓમાં અંદાજે રૂ. 30,000 કરોડ સીધા હસ્તાંતર કરવામાં આવ્યાં છે.

## કોરોના માટે પરીક્ષણ લેબ

જ્યારે કોરોનાની શરૂઆત થઇ ત્યારે આપણાં દેશમાં કોરોનાનું પરીક્ષણ કરવા માટે માત્ર એક જ લેબોરેટરી હતી.

આજે દેશમાં 1,400થી વધારે લેબોરેટરીઓ છે.

## રાષ્ટ્રીય ડિજિટલ આરોગ્ય મિશન

આજથી દેશમાં વધુ એક મોટા અભિયાનની શરૂઆત થઇ રહી છે. આ છે રાષ્ટ્રીય ડિજિટલ આરોગ્ય મિશન. દરેક ભારતીયને એક આરોગ્ય ID આપવામાં આવશે. રાષ્ટ્રીય ડિજિટલ આરોગ્ય મિશન, ભારતમાં આરોગ્ય ક્ષેત્રમાં એક નવી ક્રાંતિ લાવશે. તમારા તમામ પરીક્ષણો, દરેક બિમારી, કયા ડૉક્ટર તમને શું દવા આપે છે, તમે ક્યારે અને કયો રિપોર્ટ કઢાવ્યો, આ તમામ માહિતી એક આરોગ્ય IDમાં સમાવી લેવામાં આવશે.

## કોરોનાની રસી

આજે, માત્ર એક, બે નહીં પરંતુ ત્રણ-ત્રણ રસીઓ ભારતમાં પરીક્ષણના તબક્કા હેઠળ છે. વિજ્ઞાનીઓ તરફથી જેવી લીલી ઝંડી બતાવવામાં આવે કે તેની સાથે જ આ રસીઓના જથ્થાબંધ ઉત્પાદન માટે દેશમાં તૈયારીઓ પણ કરી લેવામાં આવી છે.

> **અમે ઇસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઇટ કોરિડોર વિકસાવી રહ્યાં છે, પૂર્વીય પ્રદેશને ગેસ પાઇપલાઇનથી જોડી રહ્યાં છીએ, નવું રેલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને નવા બંદરો વિકસાવી રહ્યાં છે. અમે સર્વાંગી રીતે વિકાસ માટે સમગ્ર ઇન્ફ્રાસ્ટ્રક્ચરનો વિકાસ કરી રહ્યાં છીએ.**

## જમ્મુ અને કાશ્મીરમાં વિકાસનો યુગ

આ વર્ષ જમ્મુ અને કાશ્મીરમાં વિકાસની નવી સફરનું વર્ષ છે. આ વર્ષ જમ્મુ અને કાશ્મીરમાં મહિલાઓ અને દલિતોના અધિકારોનું વર્ષ છે! આ વર્ષ જમ્મુ અને કાશ્મીરમાંથી હિજરત કરનારા લોકોના પ્રતિષ્ઠાપૂર્ણ જીવનનું પણ વર્ષ છે. આપણા સૌના માટે તે ગૌરવની વાત છે કે, જમ્મુ અને કાશ્મીરમાં સ્થાનિક એકમના પ્રતિનિધિઓ સક્રિયતા અને સંવેદનશીલતા સાથે વિકાસના નવા યુગને આગળ વધારી રહ્યાં છે.

## લદાખ, કાર્બન ન્યૂટ્રલ પ્રદેશ

ગત વર્ષે લદાખને કેન્દ્રશાસિત પ્રદેશ બનાવીને, અહીંના લોકોની વર્ષો જૂની માંગ પૂરી કરવામાં આવી છે.



લદાખ હિમાલયની ઊંચાઇઓ પર આવેલું છે, જે આજે વિકાસની નવી ઊંચાઇઓ તરફ આગળ વધી રહ્યું છે. જે રીતે સિક્કિમે ઓર્ગેનિક રાજ્ય તરીકે પોતાની આગવી ઓળખ ઊભી કરી છે તેવી જ રીતે લદાખ આગામી દિવસોમાં કાર્બન ઉત્સર્જન રહિત પ્રદેશ તરીકે પોતાની અલગ ઓળખ પ્રસ્થાપિત કરશે અને આ દિશામાં કામગીરી પણ કરવામાં આવી રહી છે.

## પ્રદૂષણ નિયંત્રણ માટે અભિયાન

દેશમાં પસંદગીના 100 શહેરોમાં પ્રદૂષણ ઘટાડવા માટે સર્વાંગી અભિગમ સાથે એક વિશેષ અભિયાન હાથ ધરવા પર કામગીરી ચાલી રહી છે.

## પ્રોજેક્ટ લાયન, પ્રોજેક્ટ ડોલ્ફિન

ભારત તેની જૈવ વિવિધતાના સંરક્ષણ અને સંવર્ધન પ્રત્યે સંપૂર્ણપણે સંવેદનશીલ છે. તાજેતરના ભૂતકાળમાં, દેશમાં વાઘની વસ્તીમાં ઝડપથી વધારો જોવા મળ્યો છે! હવે આપણાં એશિયાટિક સિંહો માટે દેશમાં પ્રોજેક્ટ લાયન શરૂ કરવામાં આવી રહ્યો છે. આજ રીતે, પ્રોજેક્ટ ડોલ્ફિન પણ શરૂ કરવામાં આવશે.

## આપણાં બહાદૂર સૈનિકોને સલામ

LOCથી માંડીને LAC સુધી, જે કોઇએ આપણા દેશના સાર્વભૌમત્વ ઉપર આંખ ઉઠાવવાની હિંમત કરી છે, તેમને દેશે, દેશના સૈન્યએ તેમની જ ભાષામાં જવાબ આપ્યો છે. ભારતના સાર્વભૌમત્વ પ્રત્યે આદર અમારા માટે સર્વોપરી છે. આ સંકલ્પ માટે અમારા બહાદૂર સૈનિકો શું કરી શકે છે તેને સમગ્ર વિશ્વએ લદાખમાં જોઇ લીધું છે.

## દક્ષિણ એશિયાનો વિકાસ

સમગ્ર વિશ્વની ચોથા ભાગની વસ્તી દક્ષિણ એશિયામાં વસે છે. આપણે સહકાર અને સહભાગીતા સાથે આટલા વિશાળ જનસમુદાયના વિકાસ અને સમૃદ્ધિ માટે વણકહેલી સંભાવનાઓનું સર્જન કરી શકીએ છીએ.

## સરહદી ઇન્ફ્રાસ્ટ્રક્ચર

દેશની સુરક્ષામાં આપણી સરહદો અને દરિયાકાંઠાના વિસ્તારોના ઇન્ફ્રાસ્ટ્રક્ચરની મહત્ત્વપૂર્ણ ભૂમિકા રહેલી છે. તે હિમાલયના શિખરો હોય કે હિંદ મહાસાગર હોય, આજે દેશમાં માર્ગ અને ઇન્ટરનેટ કનેક્ટિવિટીનું અભૂતપૂર્વ વિસ્તરણ કરવામાં આવી રહ્યું છે.

## ટાપુઓનો વિકાસ

આપણાં દેશમાં 1,300થી વધારે ટાપુઓ આવેલા છે. તેમના ભૌગોલિક સ્થાનોને નજર સમક્ષ રાખીને, દેશના વિકાસમાં તેમના મહત્ત્વને ધ્યાનમાં રાખીને, આમાંથી કેટલાક પસંદગીના ટાપુઓ ઉપર નવી વિકાસ યોજનાઓ શરૂ કરવાની કામગીરી ચાલી રહી છે. આંદામાન અને નિકોબાર ટાપુઓ પછી હવે આગામી 1000 દિવસમાં લક્ષદ્વીપને પણ સબમરીન ઓપ્ટિકલ ફાઇબર કેબલથી જોડવામાં આવશે.

## NCCનું વિસ્તરણ

દેશમાં 173 સરહદી અને દરિયાકાંઠાના જિલ્લાઓમાં NCCનું વિસ્તરણ સુનિશ્ચિત કરવામાં આવશે. આ અભિયાન અંતર્ગત, અંદાજે 1 લાખ નવા NCC કેડેટ્સને વિશેષ તાલીમ આપવામાં આવશે. આમાં પણ, અંદાજે ત્રીજા ભાગની દીકરીઓને વિશેષ તાલીમ આપવામાં આવશે.

## એક ભારત - શ્રેષ્ઠ ભારત

આપણી નીતિઓ, આપણી પ્રક્રિયાઓ, આપણાં ઉત્પાદનો, દરેક વસ્તુ શ્રેષ્ઠ હોવી જોઇએ, શ્રેષ્ઠતમ હોવી જોઇએ. જો આમ થશે તો જ આપણે એક ભારત શ્રેષ્ઠ ભારતના ખ્યાલને વાસ્તવિક અર્થમાં સાકાર કરવા સક્ષમ બની શકીશું.




**હું ભારતમાં નવા યુગનો સૂર્યોદય, નવા આત્મવિશ્વાસનો પ્રારંભ, આત્મનિર્ભર ભારતનો શંખનાદ થતો જોઇ રહ્યો છું.**

## ઇઝ ઓફ લિવિંગ

'ઇઝ ઓફ લિવિંગ'નો સૌથી મોટો લાભાર્થી વર્ગ મધ્યમ વર્ગ હશે. સસ્તા ઇન્ટરનેટથી માંડીને સસ્તી હવાઇ મુસાફરીની ટિકિટો, ધોરીમાર્ગોથી માંડીને આઇ-વે અને પરવડે તેવા આવાસોથી માંડીને કરવેરામાં ઘટાડો – આ તમામ પગલાંઓ દેશના મધ્યમ વર્ગના લોકોને વધુ સશક્ત બનાવશે. ■

લાલ કિલ્લા ખાતે પ્રધાનમંત્રીના સંપૂર્ણ ભાષણ માટે QR કોડ સ્કેન કરો.

https://www.youtube.com/watch?v=3jqaSQB-Nnc



# સશક્તિકરણ ગરીબો અને જરૂરિયાતમંદોનું

## પ્રધાનમંત્રી જન ધન યોજના સમગ્ર દેશમાં 40 કરોડથી વધારા લાભાર્થીઓની સંખ્યા સાથે ગેમ ચેન્જર પુરવાર થઇ છે

ઉત્તરાખંડના હલ્દવાની જિલ્લામાં એક નાનકડાં ગામના રહેવાસી રમા દેવી માનતા હતા કે બેંકમાં ખાતું હોવું તે એક એવી સુવિધા છે જે સમાજમાં માત્ર વિશેષાધિકાર પ્રાપ્ત એક ચોક્કસ વર્ગને જ મળે છે. ત્રણ સંતાનોની માતા રમા દેવી તેમના પતિને તેમના જનરલ સ્ટોરમાં મદદ કરતા હતા. આ પરિવાર પાસે તેમની માલિકીનો એક નાનો જમીનનો ટુકડો પણ હતો જ્યાં તેણી કેટલાક ધાન્ય અને શાકભાજીનું વાવેતર કરતા હતાં. 2014માં પ્રધાનમંત્રી જન ધન યોજના (PMJDY)નો પ્રારંભ થયા પછી, તેણીએ બેંક અધિકારીઓની સલાહ માનીને તેમની સ્થાનિક બેંકમાં ખાતું ખોલાવ્યું. આ બેંક ખાતાંના લાભો વિશે તેમને કંઇ જ ખબર નહોતી.

**સરકારે ગરીબો, વૃદ્ધો, માતાઓ અને બહેનો તેમજ દિવ્યાંગજનોને દરેકને જન ધન ખાતાં દ્વારા રૂ. 1000ની આર્થિક સહાય પૂરી પાડી છે**

આજે, નિયમિત તેમના ખાતાંમાં જમા અને ઉપાડ કરીને તેમજ રૂપે ડેબિટ કાર્ડનો ઉપયોગ કરીને તેઓ એક આશીર્વાદપૂર્ણ જીવન જીવી રહ્યાં છે અને તેમના સંતાનો માટે પણ રિકરિંગ ખાતું ખોલાવવાની યોજના ઘડી છે. હવે, તેઓ પોતાના ગામની અન્ય મહિલાઓને પણ જન ધન ખાતાંના લાભો વિશે સમજાવી રહ્યાં છે. સમગ્ર દેશમાં આવી તો બીજી સંખ્યાબંધ ગાથાઓ છે જેઓ PMJDY દ્વારા મળતા વિવિધ લાભો ઉઠાવી રહ્યાં છે.

આર્થિક સમાવેશિતા માટે રાષ્ટ્રીય મિશન અંતર્ગત PMJDYનો પ્રારંભ શરૂઆતમાં માત્ર 4 વર્ષ (બે તબક્કામાં) માટે 28 ઑગસ્ટ 2014ના રોજ કરવામાં આવ્યો હતો.




એવા લાખો પરિવારો છે જેમની પાસે મોબાઇલ ફોન છે પરંતુ બેંકમાં ખાતું નથી. આપણે આ પરિદૃશ્ય બદલવાનું છે. દેશના આર્થિક સંસાધનોનો ઉપયોગ ગરીબોના કલ્યાણ માટે થવો જોઈએ. અહીંથી જ પરિવર્તનનો પ્રારંભ થશે.

**પ્રધાનમંત્રી**
**નરેન્દ્ર મોદી**



તેનો મૂળ ઉદ્દેશ દરેક પરિવારને ઓછામાં ઓછા એક બેઝિક બેંકિંગ ખાતાં સાથે સાર્વત્રિક ધોરણે બેંકિંગ સુવિધાઓ પૂરી પાડવાનો, લોકોમાં આર્થિક સાક્ષરતા લાવવાનો, લોકોને ધિરાણ સુવિધાનો એક્સેસ આપવાનો, વીમો અને પેન્શન સુવિધા આપવાનો છે.

તેની મદદથી ત્રણ સામાજિક સુરક્ષા યોજનાઓ એટલે કે પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના (PMJJBY), પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના (PMSBY), અટલ પેન્શન યોજના (APY) અને પ્રધાનમંત્રી મુદ્રા યોજના (PMMY) માટે મંચ પૂરો પાડી શકાયો છે.

આ યોજના શા માટે ગેમ ચેન્જર છે તે વાતનો પુરાવો એ તથ્ય પરથી મળે છે કે, બેંકોનું રાષ્ટ્રીયકરણ 1969માં થયું હતું પરંતુ 40 કરોડ

## PMJDY હેઠળ મળતા લાભો

- બેંકરહિત લોકો માટે બેંકિંગ
- PMJDY ખાતાંમાં કોઇ જ ઓછામાં ઓછુ બેલેન્સ રાખવાની જરૂર નથી
- PMJDY ખાતાંમાં જમા કરાવેલી રકમ પર વ્યાજ આપવામાં આવે છે
- PMJDY ખાતાં ધારકોને રૂપે ડેબિટ કાર્ડ આપવામાં આવે છે
- PMJDY ખાતાં ધારકોને આપવામાં આવેલા રૂપે કાર્ડ સાથે રૂ. 1 લાખનું આકસ્મિક વીમ કવચ આપવામાં આવે છે (28.8.2018 પછી ખોલાવવામાં આવેલા નવા PMJDY ખાતાં માટે રકમ વધારીને 2 લાખ કરવામાં આવી છે)
- જેમણે 15.8.2014 થી 31.1.2015 વચ્ચે પહેલી વખત તેમનું ખાતું ખોલાવ્યું હોય તેવા યોગ્યતા ધરાવતા PMJDY ખાતાં ધારકોને રૂ. 30,000નું જીવન વીમા કવચ ઉપલબ્ધ છે.
- યોગ્યતા ધરાવતા ખાતાં ધારક માટે ઓવરડ્રાફ્ટ (OD) સુવિધા ઉપલબ્ધ છે.
- PMJDY ખાતાં ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT), પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના (PMJJBY), પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના (PMSBY), અટલ પેન્શન યોજના (APY), સુક્ષ્મ એકમ વિકાસ અને પુનઃધિરાણ એજન્સી બેંક (MUDRA) યોજના માટે પાત્રતા ધરાવે છે.

# સફળતાની ગાથા

## બે રીતે આવક થવા લાગી

મદુરાઇના રહેવાસી નબીશા બેગમ માટે જીવન કોઇપણ પ્રકારના આર્થિક આયોજનના અભાવ અને બિનજરૂરી ખર્ચમાં નાણાંના વ્યયમાં વેડફાઇ રહ્યું હતું. તેઓ એક ઘરઘાટી તરીકે કામ કરતા હતા અને તેમના પતિ કોન્ટ્રાક્ટ આધારિત શ્રમિક હતા અને શાળાએ જતાં બે બાળકોના પરિવારનું સંચાલન કરવાનું પણ તેમના માટે આર્થિક રીતે ઘણું કઠીન હતું. તેમણે PMJDYમાં પોતાનું પહેલું બેંક ખાતું ખોલાવ્યું, જેનાથી તેમના જીવનને એક નવી દિશા મળી. હવે તેમણે નિયમિત આર્થિક વ્યવહારો કરીને અને બચત કરીને તેમની બેંકિંગની આદતોમાં સુધારો કર્યો છે. તેમના બેંક ખાતાંમાં હવે પાંચ આંકડામાં બચત જોવા મળી રહી છે. આ બચત સાથે, તેમણે ફુલો વેચવાનું પાર્ટટાઇમ કામ શરૂ કર્યું છે. આનાથી તેમની કમાણીમાં બે પ્રકારે વધારો થયો છે – બપોર પહેલાં તેઓ ઘરઘાટી તરીકે કામ કરે છે અને સાંજે ફુલો વેચે છે. આ ખાતાંમાં મળતી ઓવરડ્રાફ્ટ સુવિધાનો લાભ લઇને તેમણે પોતાના કામકાજમાં વધારો કરવાનું પણ આયોજન કર્યું છે.



## પ્રધાનમંત્રી જન ધન યોજના

**12-08-2020ના રોજ લાભાર્થીઓ (તમામ આંકડા કરોડમાં)**

| બેંકનું નામ/ પ્રકાર | ગ્રામીણ/ઉપનગર કેન્દ્રોમાં બેંકની શાખાઓ પર લાભાર્થીઓની સંખ્યા | શહેરી મેટ્રો કેન્દ્રોમાં બેંકની શાખાઓ પર લાભાર્થીઓની સંખ્યા | ગ્રામીણ – શહેરી મહિલા લાભાર્થીઓની સંખ્યા | કુલ લાભાર્થીઓની સંખ્યા | ખાતાંમાં જમા રકમ (કરોડમાં) | લાભાર્થીઓને ઈશ્યુ કરવામાં આવેલા રૂપે ડેબિટ કાર્ડની સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| જાહેર ક્ષેત્રની બેંકો | 18.77 | 13.19 | 17.48 | 31.96 | 101418.84 | 25.41 |
| પ્રાદેશિક ગ્રામીણ બેંકો | 6.17 | 0.90 | 4.08 | 7.07 | 25693.89 | 3.16 |
| ખાનગી ક્ષેત્રની બેંકો | 0.70 | 0.56 | 0.68 | 1.26 | 4016.30 | 1.15 |
| કુલ | **25.63** | **14.66** | **22.23** | **40.29** | **131129.02** | **29.72** |

ડિસ્ક્લેમર: અલગ અલગ બેંકો દ્વારા આપવામાં આવેલા ડેટાના આધારે માહિતી તૈયાર કરવામાં આવી છે.

લોકોને હજુ સુધી કોઇપણ બેંકિંગ સેવાઓનો લાભ મળતો નહોતો. PMJDYએ તેમાં આમૂલ પરિવર્તન લાવી દીધું. જ્યારથી આ યોજનાનો પ્રારંભ થયો ત્યારથી આ તમામ લોકો યોજનાના લાભોથી વંચિત હતા. આજદિન સુધીમાં, 40.29 કરોડ લાભાર્થીઓને તેમના ખાતાંમાં કુલ રૂ. 131,129.02 કરોડનું બેલેન્સ ધરાવે છે.


એ વાત પરથી પૂરાવો મળે છે કે, જ્યારે આખો દેશ વૈશ્વિક મહામારી કોવિડ-19ની સામે લડી રહ્યો હતો ત્યારે સરકારે ગરીબ, વૃદ્ધો, માતા અને બહેનો તેમજ દિવ્યાંગજનોના જન ધન ખાતાંમાં રૂપિયા 1000ની આર્થિક સહાય જમા કરાવી હતી.

જન ધન, આધાર અને મોબાઇલ (JAM)ને લિંક કરવા પર પ્રધાનમંત્રીએ વિશેષ ધ્યાન આપ્યું તેના કારણે ઇચ્છિત પરિણામો મળી રહ્યાં છે. ■


# ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફરઃ

## ગેમ ચેન્જર

## વર્ષ અનુસાર ફંડ ટ્રાન્સફર




## વર્ષ અનુસાર DBT લાભાર્થીઓ




*Sum total of beneficiaries across schemes

કુલ ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (નાણાકીય વર્ષ 2020-21)
₹83,480 કરોડ
વધુ વિગતો

કુલ ટ્રાન્ઝેક્શનની સંખ્યા (નાણાકીય વર્ષ 2020-21)
89 કરોડ
વધુ વિગતો

યોજનાઓની સંખ્યા
387

મંત્રાલયો
52
વધુ વિગતો

અંદાજિત લાભ
₹1,70,377 કરોડ
વધુ વિગતો

દેશના એક ભૂતપૂર્વ પ્રધાનમંત્રીએ એકવાર કહ્યું હતું કે, સરકાર દ્વારા આપવામાં આવતી એક રૂપિયાની સહાયમાંથી માત્ર 15 પૈસા જ ગરીબોના ખિસ્સા સુધી પહોંચે છે પરંતુ હવે સરકાર દ્વારા આપવામાં આવતી સહાયની 100 ટકા રકમ કોઇપણ કપાત વગર પૂરેપૂરી ગરીબોના ખિસ્સામાં આવે છે. ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર સુવિધાએ વચેટિયાઓ અને દલાલોને તો દૂર કરી જ દીધા છે, સાથે સાથે ભ્રષ્ટાચાર પણ નાબૂદ કર્યો છે. 2014થી આજદિન સુધીમાં કુલ 8 લાખ કરોડ રૂપિયા ગરીબોના બેંક ખાતાંઓમાં જમા કરવામાં આવ્યા છે અને હાલમાં પર મંત્રાલયો અંતર્ગત અમલમાં મુકવામાં આવેલી 386 યોજનાઓમાં ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર સુવિધાનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફરના કારણે 2019 સુધીમાં સરકાર રૂપિયા 1,77,377 કરોડ બચાવી શકી છે. કોરોના મહામારીના સમય દરમિયાન મહિલા જન ધન ખાતાં ધારકોને ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફરના માધ્યમથી 500 રૂપિયાનો એક એવા ત્રણ હપતાની ચુકવણી કરવામાં આવી છે. JAM (જનધન, આધાર અને મોબાઇલ)ના કારણે ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર દ્વારા ચુકવણી કરવામાં ખૂબ જ મદદ મળી છે. 2014-15માં તેનો આંકડો 46,294 કરોડ હતો જે 2015-16માં વધીને રૂ. 61,942 કરોડ થઇ ગયો છે. 2017-18માં તે આંકડો વધીને રૂ. 1.90 લાખ કરોડ થયો અને 2018-19માં તે રૂ. 3.29 લાખ કરોડ સુધી પહોંચી ગયો. ■

# કાપડ ક્ષેત્રઃ લાખો લોકોના સપનાનું વણાટકામ



**વણકરોના માલિકી અધિકારોનું રક્ષણ કરવા માટે કાપડ મંત્રાલયની એપ્લિકેશનના પ્રારંભ અને મહામારીના સમય દરમિયાન KVIC દ્વારા માસ્કનું વિક્રમી સંખ્યામાં ઉત્પાદન કરીને કારીગરોને રોજગારી પૂરી પાડવા સાથે કાપડ ક્ષેત્રની વિકાસગાથા નિરંતર આગળ વધતી રહી છે**

હવે, હાથવણાટનો સિક્કો પ્રભાણભૂત હાથવણાટના ઉત્પાદનોને સામૂહિક ઓળખ પૂરી પાડશે. કાપડ મંત્રાલયે હાથવણાટના ઉત્પાદનોની નોંધણીની પ્રક્રિયાનું સંપૂર્ણપણે ડિજિટલાઇઝેશન કરવા માટે બેકએન્ડ વેબ પોર્ટલ સાથે એક મોબાઇલ એપ્લિકેશન વિકસાવી છે. અંગ્રેજી અને ભારતની 10 પ્રાદેશિક ભાષાઓમાં વિકસાવવામાં આવેલી આ એપ્લિકેશનથી દેશના કોઈપણ ખૂણે અને છેવાડે રહેલા વણકરો પણ તેમના ઘરેથી જ તેમની અનુકૂળતાએ પોતાના મોબાઇલ ફોન પર માત્ર એક બટન પર ક્લિક કરીને હાથવણાટના સિક્કા માટે નોંધણી કરાવી શકે છે. આ એપ્લિકેશન દરેક ઉત્પાદન પર લગાવવામાં આવેલા અનન્ય અને ગતિશીલ ઊઇ કોડ દ્વારા તે ઉત્પાદનની અસલતા અને મૌલિકતા સુનિશ્ચિત કરવામાં મદદરૂપ થાય છે.

7 ઑગસ્ટ 2020ના રોજ રાષ્ટ્રીય હાથશાળ દિવસ નિમિત્તે, હાથવણાટ સિક્કા યોજના (HLM) માટે મોબાઇલ એપ્લિકેશન અને બેકએન્ડ વેબસાઇટનો પ્રારંભ કરતા, કેન્દ્રીય કાપડ તેમજ મહિલા અને બાળ કલ્યાણ મંત્રી સ્મૃતિ ઇરાનીએ જણાવ્યું હતું કે, હાથવણાટનો સિક્કો, મુંબઇ સ્થિત કાપડ સમિતિ દ્વારા ડિઝાઇન કરવામાં આવ્યો છે જે સમગ્ર દેશમાં વણકરો દ્વારા તૈયાર કરવામાં આવેલા હાથવણાટના ઉત્પાદનોની પ્રમાણભૂતતા જાળવી રાખવામાં ખૂબ જ મદદરૂપ થશે.

આ પ્રસંગે તેમણે "માય હેન્ડલૂમ" પોર્ટલનો પણ પ્રારંભ કર્યો હતો જેની મદદથી વ્યક્તિગત વણકરો તેમજ અન્ય સંસ્થાઓ વિવિધ હેન્ડલૂમ યોજનાઓ જેમકે, તાલુકા સ્તરે ક્લસ્ટર, હાથવણાટ માર્કેટિંગ સહાય અને પુરસ્કારો અંતર્ગત વિવિધ લાભો મેળવવા માટે અરજી કરી શકે છે. આ પોર્ટલનું ઉદ્ઘાટન કરતી વખતે તેમણે, 2015માં પ્રથમ રાષ્ટ્રીય હાથશાળ દિવસ નિમિત્તે પ્રધાનમંત્રીએ પ્રારંભ કરેલી "ઇન્ડિયા હેન્ડલૂમ" બ્રાન્ડ



## ખાદીના કારીગરોને સશક્ત બનાવવામાં KVICનું યોગદાન

ભારતના કાપડ ક્ષેત્રની વિકાસગાથા જ્યારે કોવિડ-19 મહામારીએ સમગ્ર દેશને ભારે ફટકો પાડ્યો તેવા વિપરિત સંજોગોમાં પણ અવિરત આગળ વધતી રહી છે. ખાદી અને ગ્રામોદ્યોગ પંચે (KVIC) માસ્ક ઉત્પાદનમાં નેતૃત્ત્વ સંભાળ્યું અને ખાદીના કારીગરોના સશક્તિકરણ માટે આ કામગીરી સંભાવનાપૂર્ણ સાધન બની ગઇ.

સમગ્ર દેશમાં નવ લાખ માસ્કના વિતરણ સાથે, KVICએ તેમના આઉટલેટ્સ અને ઑનલાઇન માધ્યમથી માસ્કનું વેચાણ પણ શરૂ કર્યું છે. KVICના જણાવ્યા અનુસાર, તેમણે ૧૧ લાખ જેટલા ફેસમાસ્કનું વેચાણ કર્યું છે જેમાં ઑનલાઇન વેચાણ પણ સામેલ છે. આ આંકડો દેશભરમાં વિતરણ કરવામાં આવેલા માસ્ક સિવાયનો છે. KVICએ તેમના માસ્કની સિલાઇ માટે તેમના કારીગરોને, જેમાં મોટાભાગે મહિલાઓ છે, પ્રત્યેક માસ્ક દીઠ 3 રૂપિયાનો ચાર્જ ચુકવ્યો છે અને આ પ્રકારે માસ્ક બનાવતા કારીગરોમાં રૂપિયા 30 લાખની રકમ વેતન પેટે ચુકવી છે.




KVICને તાજેતરમાં જ, ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી તરફથી 1.61 લાખ ફેસ માસ્કનો ઓર્ડર મળ્યો છે. આમાં અંદાજે 20,000 મીટર ખાદીના કાપડનો ઉપયોગ થશે અને લગભગ 9000 માનવ દિવસના કામનું સર્જન થશે.

KVICના ચેરમેન વિનય સક્સેનાએ ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી તરફથી મળેલા ઓર્ડરને આવકાર્યો હતો અને કહ્યું હતું કે, ખાદીના ફેસ માસ્કની બહોળી માંગ 'આત્મનિર્ભર ભારત'ની દિશામાં એક મોટું પગલું છે. સક્સેનાએ ઉમેર્યું હતું કે, "આ ઓર્ડર મુશ્કેલીના આ સમયમાં આપણા ખાદીના કારીગરોને વધુ યાર્ન અને કાપડનું ઉત્પાદન કરવામાં અને તે પ્રકારે તેમની આવકમાં ઉમેરો કરવામાં મદદરૂપ રહેશે."

બદલ તેમનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, આજદિન સુધીમાં 1590 ઉત્પાદનોની આ બ્રાન્ડ અંતર્ગત નોંધણી થઈ ચુકી છે જેને ૧૮૦થી વધારે ઉત્પાદન શ્રેણીઓમાં સમાવી લેવામાં આવી છે.

માત્ર એક જ સાઇન ઇન સાથે આ પોર્ટલ હાથવણાટની તમામ યોજનાઓ સંબંધિત માહિતી માટે વન-સ્ટોપ શોપની જેમ કામ કરે છે. તે માહિતી જાળવી રાખશે અને પારદર્શકતા સુનિશ્ચિત કરશે અને રાષ્ટ્રીય હાથશાળ વિકાસ કાર્યક્રમ અંતર્ગત કરવામાં આવેલી અરજીઓ અંગે વાસ્તવિક સમયમાં સ્થિતિ જણાવશે તેમજ મુદ્રા ધિરાણ યોજના, વણકરોનો વીમો, યાર્ન પૂરવઠો, લૂમ્સ અને એક્સેસરીઝનું વિતરણ, તાલીમની સંખ્યા વગેરે અલગ અલગ યોજનાઓ વિશે પણ માહિતી પ્રદાન કરશે. વિવિધ યોજનાઓ જેમકે, મેળા, દિલ્લી હાટ વગેરેમાં સ્ટોલની ફાળવણી માટે ઑનલાઇન લોટરી સિસ્ટમ પણ શરૂ કરવામાં આવી છે. આ પોર્ટલને ઇ-ઓફિસ અને ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર પોર્ટલ સાથે સાંકળવામાં આવશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ એક વખત તેમના મન કી બાતના વૃતાંતમાં 7 ઑગસ્ટને રાષ્ટ્રીય હાથશાળ દિવસ તરીકે ઉજવવા અંગે વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, "ભારતનું હાથવણાટનું કામ અને આપણા હસ્તકળાના ઉત્પાદનો સૈંકડો વર્ષોનો કીર્તિમાન ઇતિહાસ ધરાવે છે. આપણે સૌ શક્ય હોય એટલો વધારે હાથવણાટ અને હસ્તકળાના ઉત્પાદનોનો ઉપયોગ કરીએ અને વધુમાં વધુ લોકો સુધી આના વિશે જાણકારી પહોંચાડીએ તે આપણા સૌનો સહિયારો પ્રયાસ હોવો જોઇએ." કાપડ મંત્રાલય દ્વારા પણ વિવિધ હેન્ડલૂમ યોજનાઓના લાભો વણકરો, કારીગરો જેમાં ખાસ કરીને જેઓ સ્વતંત્ર રીતે કામ કરી રહ્યાં છે અથવા સ્વ સહાય સમૂહો કે ઉત્પાદક સમૂહોમાં કામ કરી રહ્યાં છે તેમના સુધી પહોંચાડવાના ઉદ્દેશ સાથે હાથવણાટ ક્ષેત્રને પ્રવેગ આપવાના ક્ષેત્ર તરીકે ધ્યાનમાં રાખીને દેશભરમાં ઉત્પાદક કંપનીઓની રચનાની પણ સુવિધા આપવામાં આવે છે. ■





# કોવિડ-19ને હરાવવા માટે ટેસ્ટિંગ, ટ્રેસિંગ અને ટ્રિટિંગ

## સાજા થનારા દર્દીઓની સંખ્યામાં નોંધપાત્ર વૃદ્ધિ સાથે, હવે મૃત્યુદર 1 ટકાથી નીચે લાવવાનું નવું લક્ષ્ય નિર્ધારિત કરવામાં આવ્યું છે

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને કરેલી અપીલ કે, જો કોઇપણ પ્રકારે ચુક અથવા બેદરકારી રાખીશું તો અત્યાર સુધી પ્રાપ્ત કરેલા પરિણામો નિરર્થક થઇ જશે, તેને ધ્યાનમાં રાખીને ભારતે કોવિડ-19 મહામારીને સફળતાપૂર્વક નિયંત્રણમાં લીધી છે. કોવિડ-19નો સામનો કરવાનો નવો મંત્ર એ છે કે, ચેપગ્રસ્ત વ્યક્તિને 72 કલાકમાં ટ્રેસ કરીને તેનું પરીક્ષણ કરવામાં આવે અને આમ કરવાથી જ હાલમાં મૃત્યુદર 1.95 ટકાની આસપાસ છે તેને 1 ટકા કરતા નીચા દરે લાવી શકાશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 11 ઑગસ્ટ 2020ના રોજ દસ રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે વાર્તાલાપ કર્યો હતો અને તેમના રાજ્યોમાં કોવિડ-19 મહામારીની વર્તમાન સ્થિતિ તેમજ તેને નિયંત્રણમાં લાવવા માટે તૈયાર કરવામાં આવેલી યોજનાઓ વિશે ચર્ચા કરી હતી. દરરોજ સરેરાશ 8.5 લાખ પરીક્ષણો થઇ રહ્યાં છે જેને સરેરાશ દૈનિક 10 લાખ સુધી લઇ જવાની દેશની ઇચ્છા છે. 13 ઑગસ્ટ 2020ના રોજ કોવિડ-19માંથી દર્દીઓ સાજા થવાનો દર 71.17 ટકા નોંધયો હતો અને દેશમાં કુલ સાજા થયેલા દર્દીની સંખ્યા વધીને 17.5 લાખ નોંધાઇ હતી જે સક્રિય કેસો (6,61,595)ની સરખામણીએ લગભગ 11 લાખ વધારે હતી. આ આંકડો દર્શાવે છે કે દેશ સાચી દિશામાં આગળ વધી રહ્યો છે. પ્રધાનમંત્રીએ મુખ્યમંત્રીઓ સાથે કરેલી ચર્ચાના કેટલાક મુખ્ય અંશો અહીં રજૂ કર્યા છે:

### ટીમ ઇન્ડિયા દ્વારા ટીમ વર્ક

દરેક વ્યક્તિએ કોરોના સામેની જંગમાં ખૂબ જ સારો સહકાર આપ્યો છે અને ટીમ ઇન્ડિયાનું ટીમ વર્ક ખરેખરમાં નોંધપાત્ર છે. હોસ્પિટલો અને આરોગ્ય સંભાળ કર્મચારીઓ ઘણા દબાણની પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છે. લગભગ 80 ટકા સક્રિય કેસો 10 રાજ્યો – આંધ્રપ્રદેશ, કર્ણાટક, તામિલનાડુ, પશ્ચિમ બંગાળ, મહારાષ્ટ્ર, પંજાબ, બિહાર, ગુજરાત, તેલંગાણા અને ઉત્તરપ્રદેશમાં છે. જો આ રાજ્યોમાં વાયરસને હરાવવામાં સફળતા મળી જાય તો સમજો કે આખો દેશ કોવિડ-19 સામેની આ જંગમાં વિજયી તરીકે ઉભરી આવશે.

### પરીક્ષણોની સંખ્યામાં વૃદ્ધિ, મૃત્યુદરમાં ઘટાડો કરવો

કોવિડ-19ના દૈનિક પરીક્ષણોની સંખ્યા 8.5 લાખ સુધી પહોંચી ગઇ છે અને તેમાં સતત વધારો થઇ રહ્યો છે. તેના કારણે ચેપગ્રસ્ત દર્દીઓની વહેલી ઓળખ અને નિયંત્રણમાં મદદ મળી શકી છે. સમગ્ર દુનિયામાં સૌથી ઓછો મૃત્યુદર ધરાવતા દેશોમાં ભારતની ગણના થાય છે.

# 21 લાખ દર્દીઓએ કોરોનાને હરાવ્યો

## કોરોના સામે ભારતની જંગ

**20 ઑગસ્ટ 2020ના રોજ**




કુલ લેબોરેટરી

**1494**

977 સરકારી | 517 ખાનગી

કુલ પરીક્ષણ

**3.25**

કરોડ

દૈનિક સરેરાશ પરીક્ષણ 9 લાખ

**686395** કુલ સક્રિય કેસ

**2096664** કુલ સાજા થયા

**74 %** સાજા થવાનો દર વધીને થયો, 11 ટકા દર લૉકડાઉન-1 વખતે હતો

**90.02%** દિલ્હીમાં સાજા થવાનો દર કેન્દ્રના હસ્તક્ષેપ પછી થયો, દેશમાં સૌથી વધુ દર

**1.89%** ભારતમાં મૃત્યુદર


## દુનિયાના ડેટા સાથે સરખામણી

કોરોનાના કિસ્સામાં, દુનિયાના અન્ય સંખ્યાબંધ દેશોની સરખામણીએ ભારતની સ્થિતિ ઘણી સારી છે

| દેશ | પોઝિટીવ | સક્રિય | મૃત્યુ |
|---|---|---|---|
| વિશ્વ | 2869 | 831 | 100.8 |
| યુરોપ | 4362 | 1472 | 274 |
| અમેરિકા | 17079 | 7460 | 529 |
| રશિયા | 6423 | 1172 | 110 |
| બ્રાઝીલ | 16036 | 3512 | 517 |
| ભારત | 2017 | 493 | 38 |

આંકડા પ્રત્યેક 10 લાખ પર

### કુલ કેસોમાંથી ચોથા ભાગના (25%) કરતાં ઓછા કેસ સક્રિય છે




સક્રિય કેસોની ટકાવારી ઘટી રહી છે જ્યારે દર્દીઓ સાજા થવાના દરમાં વધારો થઇ રહ્યો છે. મૃત્યુદર ઘટાડીને 1 ટકાથી નીચે લઇ જવાનું લક્ષ્ય ટૂંક સમયમાં પ્રાપ્ત થઇ શકે છે.

### કેટલાક રાજ્યોમાં પરીક્ષણોની સંખ્યા વધારવાની જરૂર છે

બિહાર, ગુજરાત, ઉત્તરપ્રદેશ, પશ્ચિમ બંગાળ અને તેલંગાણામાં પરીક્ષણોની સંખ્યામાં વધારો કરવાની તાકીદની જરૂરિયાત છે. કન્ટેઇનમેન્ટ, સંપર્ક ટ્રેસિંગ અને સર્વેલન્સ આ જંગ સામેની લડાઇમાં સૌથી અસરકારક શસ્ત્રો છે. લોકો હવે જાગૃત થયા છે અને આ પ્રયાસોમાં ખૂબ સારી રીતે સહકાર આપી રહ્યાં છે જેના પરિણામ સ્વરૂપે, દેશમાં હોમ ક્વોરેન્ટાઇનનો સફળતાપૂર્વક ઉપયોગ શક્ય બન્યો છે.

### ટ્રેસિંગની પ્રક્રિયામાં હાથવગી એપ આરોગ્ય સેતુ

આરોગ્ય સેતુ એપ્લિકેશનની ઉપયોગિતા એવી છે કે, જો વાયરસના સંક્રમણના પ્રારંભિક 72 કલાકમાં કેસની ઓળખ થઇ જાય તો તેના વધુ સંક્રમણને ઘટાડી શકાય છે. ચેપગ્રસ્ત વ્યક્તિનાં સંપર્કમાં આવેલી તમામ વ્યક્તિઓને 72 કલાકમાં ટ્રેસ કરવામાં આવે અને તેમનું પરીક્ષણ કરવામાં આવે તે જરૂરી છે. આ બાબતને એક મંત્ર તરીકે અનુસરવી જોઇએ અને જે પ્રકારે હાથ ધોવા, દો ગજ કી દૂરી અને માસ્ક પહેરવું વગેરેમાં જાગૃતિ બતાવવામાં આવે છે તેવી જ રીતે આનું પાલન કરવામાં તત્પરતા દાખવવી જોઇએ.

### ગૃહમંત્રી સફળ વ્યૂહનીતિ

દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં આ મહામારીના સંક્રમણને નિયંત્રણમાં લાવવા માટે રૂપરેખા તૈયાર કરવાની કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની વ્યૂહનીતિ ખૂબ જ સફળ પુરવાર થઇ છે. કન્ટેઇનમેન્ટ ઝોનનું વિભાગીકરણ અને ખાસ કરીને જેઓ સંક્રમણ માટે અતિ જોખમી શ્રેણીમાં આવે છે તે સહિત લોકોના વ્યાપક સ્ક્રિનિંગ પર ધ્યાન આપવું, આ બંને બાબતો આ વ્યૂહનીતિના મુખ્ય આધારસ્તંભ છે. આ પગલાંના પરિણામો સૌએ જોયા જ છે. હોસ્પિટલોમાં બહેતર વ્યવસ્થાપન અને ICU બેડની સંખ્યામાં વૃદ્ધિ જેવા અન્ય ઘણા પગલાં પણ ખૂબ મદદરૂપ પુરવાર થયા છે. ■




# આત્મનિર્ભરતા તરફ એક મોટું ડગલું

**સંરક્ષણ મંત્રાલય આગામી પાંચથી સાત વર્ષમાં સ્થાનિક ઉદ્યોગોને લગભગ રૂપિયા 4 લાખ કરોડની કિંમતના કોન્ટ્રાક્ટ આપશે તેવું અનુમાન છે**

આત્મનિર્ભર ભારતના નિર્માણ માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કરેલા આહ્વાનને અનુરૂપ, સંરક્ષણ મંત્રાલયે (MoD) 101 ચીજોની યાદી તૈયાર કરી જેના પર નિર્ધારિત સમય મર્યાદા પછી આયાત કરવા પર પ્રતિબંધ લાગુ કરવામાં આવશે.

## સ્વદેશીકરણ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો

- સંરક્ષણ હસ્તાંતરણ પરિષદે 11 ઑગસ્ટ 2020ના રોજ રૂપિયા 8,722.38 કરોડની ખરીદીની દરખાસ્તને મંજૂરી આપી દીધી છે જેમાં વાયુસેના માટે 106 મૂળભૂત તાલીમ એરક્રાફ્ટ પણ સામેલ છે.
- સૈન્યની ત્રણેય પાંખ દ્વારા આવી ચીજોની લગભગ 260 યોજનાઓ માટે અંદાજે રૂપિયા 3.5 લાખ કરોડના ખર્ચના કોન્ટ્રાક્ટ એપ્રિલ 2015 થી ઑગસ્ટ 2020 દરમિયાન આપવામાં આવ્યા હતા.
- એક અનુમાન પ્રમાણે આગામી પાંચથી સાત વર્ષ દરમિયાન લગભગ રૂપિયા 4 લાખ કરોડના કોન્ટ્રાક્ટ સ્થાનિક ઉદ્યોગોને આપવામાં આવશે.
- આમાંથી, ભૂમિસેના અને વાયુસેના દ્વારા પ્રત્યેક માટે રૂા. 1.30 લાખ કરોડની ચીજો જ્યારે નૌસેના દ્વારા રૂા. 1.40 લાખ કરોડની ચીજો મેળવવામાં આવશે.

## ઉપકરણોથી માંડીને મોટી બંદૂકો સુધી...

- આ ચીજવસ્તુઓમાં ઉચ્ચ ટેકનોલોજીની શસ્ત્ર પ્રણાલીઓ જેમ કે, આર્ટિલરી બંદૂકો, એસોલ્ટ રાઇફલ્સ, કોર્વેટ્સ, સોનાર પ્રણાલીઓ, પરિવહન વિમાનો, લાઇટ કોમ્બેટ હેલિકોપ્ટર, રડાર અને અન્ય સંખ્યાબંધ ચીજો સામેલ છે.
- તેમાં પૈડાં વાળા શસ્ત્રોથી સજ્જ યુદ્ધ વાહનો પણ સામેલ છે જેના માટે આયાત પ્રતિબંધની સૂચક તારીખ ડિસેમ્બર 2021 નિર્ધારિત કરવામાં આવી છે અને સૈન્ય દ્વારા અંદાજે રૂપિયા 5000 કરોડના ખર્ચે લગભગ ૨૦૦ વાહનનો કોન્ટ્રાક્ટ આપવામાં આવશે તેવી અપેક્ષા છે.
- તેવી જ રીતે, નૌસેના દ્વારા ડિસેમ્બર 2021માં સૂચક આયાત પ્રતિબંધ સાથે સબમરીનની માંગ મૂકવામાં આવી શકે છે જેના માટે લગભગ રૂપિયા 42,000 કરોડના ખર્ચે છ સબમરીન માટે કોન્ટ્રાક્ટ અપાય તેવી અપેક્ષા છે.
- વાયુસેના માટે, ડિસેમ્બર 2020માં સૂચક આયાત પ્રતિબંધ મર્યાદા સાથે, લાઇટ કોમ્બેટ LCA MK 1A નોંધાવવાનો નિર્ણય લેવાયો છે. આમાંથી, રૂપિયા 85,000 કરોડના અંદાજિત ખર્ચે 123 આવશે તેવું અનુમાન છે.

## તબક્કાવાર સ્થાનાંતર

- સંરક્ષણમાં ચીજોની આયાત પર તબક્કાવાર પ્રગતિપૂર્વક પ્રતિબંધનો અમલ કરવામાં આવશે અને અમલીકરણનો તબક્કો 2020 થી 2024 દરમિયાન રહેશે. સંરક્ષણ મંત્રાલય દ્વારા 'ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ'ને પ્રોત્સાહન આપવા માટે સંખ્યાબંધ માપદંડો અપનાવવામાં આવ્યા છે. ■




# લાખો નોકરી ઈચ્છુકોને NRA દ્વારા મદદ મળી શકશે

**રોજગારી, કૃષિ, ઉર્જા, પર્યટન અને MSME એવા કેટલાક મુખ્ય ક્ષેત્રો છે જેમાં લોકોને વધુ સુવિધાઓ પૂરી પાડવા માટે સરકારે કેટલાક મહત્વના નિર્ણયો લીધા છે**

**નિર્ણય :** સામાન્ય યોગ્યતા પરીક્ષાનું આયોજન કરવા માટે રાષ્ટ્રીય ભરતી એજન્સી (NRA)નું ગઠન કરવા માટે મંજૂરી આપી.

**લાભ :** સામાન્ય યોગ્યતા પરીક્ષાના કારણે ઉમેદવારે એક જ વખત પરીક્ષા આપવાની રહેશે અને કોઇપણ અથવા તમામ ભરતી એજન્સીઓની ઉચ્ચ સ્તરની પરીક્ષા માટે તેઓ અરજી કરી શકશે.

**નિર્ણય :** શેરડીના વાજબી અને વળતરક્ષમ ભાવ (FRP) 10 ટકાના મૂળભૂત પુન:પ્રાપ્તિ દર માટે વધારીને ક્વિન્ટલ દીઠ રૂપિયા 285 કરવામાં આવ્યા.

**લાભ :** આનાથી અંદાજે 1 કરોડ ખેડૂતો અને તેમના પરિવારોને લાભ થશે. વાજબી અને વળતરક્ષમ ભાવમાં વધારો કરવાથી દેશમાં સખત પરિશ્રમ કરી રહેલા ખેડૂતોમાં મનોબળ વધશે.

મંત્રીમંડળની બ્રિફિંગ માટે ક્યૂઆર કોડ સ્કૅન કરો

**નિર્ણય :** વીજ વિતરણ કંપનીઓ (ડિસ્કોમ)ને ઉજ્વલ ડિસ્કોમ બાંયધરી યોજના (ઉદય) અંતર્ગત ગત વર્ષની કુલ આવકની 25 ટકાની ઉપલી મર્યાદા કરતા વધારે ધિરાણ આપવા માટે પાવર ફાઇનાન્સ કોર્પોરેશન (PFC) અને ગ્રામીણ વિદ્યુતિકરણ નિગમ (REC)ને એકવખતની રાહત આપવામાં આવી.

**લાભ :** આ નિર્ણયના કારણે ઉર્જા ક્ષેત્રમાં પ્રવાહિતા વધારવામાં મદદ મળી રહેશે અને રાજ્ય સરકારો દ્વારા ડિસ્કોમને ચુકવણીઓ સુનિશ્ચિત થશે.

**નિર્ણય :** ભારતીય હવાઇમથક સત્તામંડળ (AAI)ના જયપુર, ગુવાહાટી અને તિરુવનંતપુરમના ત્રણ હવાઇમથકો પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશીપ (PPP) ધોરણે પરિચાલન, વ્યવસ્થાપન અને વિકાસ માટે લીઝ પર આપવાની મંજૂરી આપી.

**લાભ :** PPP પ્રયોગના કારણે વિશ્વકક્ષાના હવાઇમથકોનું નિર્માણ કરવામાં મદદ મળી છે અને તેનાથી હવાઇમથક પર આવતા મુસાફરોને કાર્યદક્ષ તેમજ ગુણવત્તાપૂર્ણ સેવાઓ પૂરી પાડવામાં પણ મદદ મળી છે.

**નિર્ણય :** જે MSMEના પૂરવઠાની સામે ચુકવણીઓ 90 દિવસ કરતાં વધારે સમયથી ફસાઇ ગયેલી હોય તેમના નાણાં પ્રવાહમાં સુધારો લાવવા માટે, મંત્રીમંડળે માત્ર પસંદગીના NBFC સુધી મર્યાદિત રહેવાના બદલે તમામ નોન-બેંકિંગ નાણાકીય કંપનીઓને ટ્રેડ રિસિવેબલ ડિસ્કાઉન્ટિંગ સિસ્ટમમાં ભાગ લેવા માટે મંજૂરી આપવાનો નિર્ણય લીધો.

**લાભ :** આ નિર્ણયમાં સુધારા અને પારદર્શકતા પ્રત્યે સરકારની પ્રતિબદ્ધતા પ્રતિબિંબિત થાય છે. આ નિર્ણયથી MSME ક્ષેત્રમાં સ્પર્ધાને વધુ પ્રોત્સાહન મળશે અને તેનાથી નાણાં પ્રવાહિતાનો પ્રવાહ સુનિશ્ચિત થઇ શકશે. ■

# આત્મનિર્ભર ભારતની સાફલ્ય ગાથાઓ



## લદાખની યુવા પ્રતિભા

કુન્ઝેસ એંગમો, એક 29 વર્ષીય મહિલા ઉદ્યોગસાહિસક છે જે હસ્તવણાટ ક્ષેત્રમાં કામ કરે છે અને યુવાનોનાં સપનાં સાકાર કરીને વાસ્તવમાં આત્મનિર્ભર ભારત કાર્યક્રમનો ચહેરો બની ગઇ છે. પોતાનું શિક્ષણ પૂરું કર્યા પછી તેણે લદાખમાં રહેવાનું પસંદ કર્યું જેથી લદાખની પરંપરાને તે એક નવી ઓળખ આપી શકે. પ્રધાનમંત્રીના રોજગારી સર્જન કાર્યક્રમે તેના સપનાંને વાસ્તવિકતામાં રૂપાંતરિત કરવામાં મહત્વની ભૂમિકા નિભાવી છે. એંગમો જણાવે છે કે, "ત્રણ વર્ષ પહેલાં મેં જ્યારે આવું કોઇ કામ કરવાનો વિચાર કર્યો હતો ત્યારે મને PMEGP વિશે માહિતી મળી અને આ કામ માટે મેં ધિરાણ લીધું."



## અગરબત્તીએ મહિલાઓના જીવનમાં સુગંધ પ્રસરાવી

દરેક ભારતીય મહિલાઓના જીવનમાં અગરબત્તી ગણી મહત્વની ભૂમિકા નિભાવે છે પરંતુ રાંચીમાં તેણે કેટલીક મહિલાઓનું જીવન બદલી નાંખ્યું. 30-40 મહિલાઓનો એક સ્વ સહાય સમૂહ અહીં અગરબત્તી બનાવે છે અને જથ્થાબંધ બજારમાં તે વેચે છે. તેઓ સ્થાનિક મેળાઓમાં પણ પ્રસંગોપાત તેમના સ્ટોલ બનાવે છે. આ સ્વ સહાય સમૂહની મહિલાઓ જણાવે છે કે, તેઓ 5,000થી 10,000 રૂપિયાની કમાણી કરી શકે છે જેનાથી તેમની આર્થિક જરૂરિયાતો તો સંતોષાય જ છે, સાથે સાથે તેમના નવરાશના સમયને કોઇ ફળદાયક કામમાં પણ ઉપયોગમાં લઇ શકે છે.



## રમકડાં બનાવીને સફળતા પ્રાપ્ત કરી

હિમાચલ પ્રદેશમાં આવેલા હમીરપુર જિલ્લાની ગવારડુ પંચાયતમાં રહેતા પંકજકુમારની વાત પણ ઘણી પ્રેરણાદાયક છે અને મન હોય તો માળવે જવાય તે જાણિતી ઉક્તિને ખરા અર્થમાં સાર્થક કરે છે. કોરોના લોકડાઉનના કારણે પંકજે નાછુટકે પોતાના વતન પાછા આવવું પડ્યું પરંતુ તેમણે 28 દિવસ સુધી હોમ ક્વોરેન્ટાઇનમાં રહેતી વખતે પોતાનો સમય જરાય વેડફ્યો નહીં. તેમણે પ્રધાનમંત્રીના આત્મનિર્ભર કાર્યક્રમ અંતર્ગત લાકડા અને કાગળમાંથી રમકડાં બનાવવાનું શરૂ કર્યું. તેમણે સોશિયલ મીડિયા દ્વારા પોતાના ઉત્પાદનોનું માર્કેટિંગ કર્યું અને પ્રોત્સાહક પ્રતિભાવ મળ્યો. એક રમકડું બનાવવામાં તેમને બેથી ત્રણ દિવસ જેટલો સમય લાગે છે.



## મત્સ્યઉછેર દ્વારા મળ્યો લાખો રૂપિયાની કમાણીનો માર્ગ

મધ્યપ્રદેશના બાલઘાટ જિલ્લામાં વેન્દ્રમ નામના એક ખેડૂતે આત્મનિર્ભર ભારત માટે એક દૃષ્ટાંત પૂરું પાડ્યું છે. વેન્દ્રમે તેની ખેતીની જમીનમાં મનરેગા હેઠળ એક તળાવ ખોદાવ્યું અને તેમાં મત્સ્યઉછેરની કામગીરી શરૂ કરી. માછલીઓના ઉત્પાદન દ્વારા તેણે ગયા વર્ષે 10 લાખ રૂપિયાની કમાણી કરી હતી. તેઓ એક ખાનગી કંપનીમાં કામ કરતા હતા પરંતુ તેમને લાગ્યું કે અહીં તેમનું કોઇ ભવિષ્ય નથી. આથી તેઓ પોતાના ગામમાં પાછા આવી ગયા. તેમને રાજ્ય સરકાર તરફથી મદદ મળી. હવે, તેઓ આખા જિલ્લામાં લોકો માટે પ્રેરણાનો સ્રોત બની ગયા છે. ■



**Narendra Modi** @narendram...

#NationalRecrutmentAgency કરોડો યુવાનો માટે આશીર્વાદરૂપ પૂરવાર થશે. સામાન્ય યોગ્યતા પરીક્ષા દ્વારા, બહુવિધ પરીક્ષાઓ દૂર થઇ જશે અને કિંમતી સમય બચી જશે તેમજ સંસાધનો બચશે. આનાથી પારદર્શકતાને ખૂબ મોટો વેગ મળશે.



**Rajnath Singh** @rajnathsingh

ભારતીય નૌસેનાએ મુખ્ય અને સંવેદનશીલ સ્થાનોએ નૌસેનાના જહાજો તૈનાત કરીને દરિયાઇ હિતોની સુરક્ષા કરવા માટે અસરકારક રીતે મિશન આધારિત નિયુક્તિની કામગીરી કરી છે. આ નિયુક્તિઓથી દરિયાઇ ક્ષેત્રમાં જાગૃતિ વધારવામાં મદદ મળી છે, ઝડપથી માનવીય સહાય અને અને રાહત પૂરી પાડી શકાઇ છે.



**Amit Shah** @AmitShah

ભારતની પ્રગતિ અને વિકાસની કરોડરજ્જૂ સમાન પ્રમાણિક કરદાતાઓને સશક્ત બનાવવા અને તેમનું સન્માન કરવા માટે મોદી સરકારે કેટલાક સીમાચિહ્નરૂપ નિર્ણયો લીધા છે.



**Nitin Gadkari** @nitin_gadkari

પૂર્વોત્તર કોરિડોરના વિકાસની કામગીરી આદરણીય પ્રધાનમંત્રી શ્રી @narendramodiજીના સૌથી પ્રાથમિકતાના કાર્યોમાં છે.

કુલ રૂપિયા 3000 કરોડ અને 316 કિમીની આ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પરિયોજનાઓ, પૂર્વોત્તરના અન્ય રાજ્યો સાથે મણીપુર રાજ્યની કનેક્ટિવિટી સુધારશે.



**Ravi Shankar Prasad** @rspra...

PM @narendramodi જી! અત્યંત કૃતજ્ઞ છુ કે આજે આપે @DOT_India ને ભારતના તમામ ગામડાંઓ આગામી 1000 દિવસમાં ઓપ્ટિકલ ફાઇબર ઇન્ટરનેટથી સાંકળવાની જવાબદારી સોંપી છે. #DigitalIndia માટે આ ગેમ ચેન્જર છે. આપની પ્રેરણાથી અમે આ ચોક્કસ કરીશું. #AatmaNirbharBharat



**Narendra Singh Tomar**

કામદારોને રોજગારી આપવા માટે કૃતસંકલ્પિત મોદી સરકાર...

#MGNREGA અંતર્ગત અત્યાર સુધીમાં 170 કરોડથી વધુ કાર્ય દિવસનું સર્જન કર્યું...

કેન્દ્ર સરકારે રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને 53,473 કરોડ રૂપિયાથી વધુ રકમ આપી...



PM's I-Day Message: Make in India for the World

Tenant farmers important for Aatmanirbhar Bharat mission: PM

PM Modi said the campaign is proving to be a value addition to cater to the needs of the global market

BIZ BOOST

Land bank ready: 5L hectare up for grabs

Digital health IDs for all citizens by 2022

TRIBUNE NEWS SERVICE

DATA TO BE SECURED

WOMEN'S MARRIAGE AGE MAY BE REVISED

Land of opportunities

PM announces a solar park to fulfil dream of green Ladakh

Sanjay.Dutta@timesgroup.com

New Delhi: The Prime Minister on Saturday set Ladakh on course to a carbon-neutral future and announced a 7,500MW solar park there, even as funding incentives are being lined up to energise the mega project at the heart of Narendra Modi's vision for India's youngest Union Territory.

"Ladakh has several specialties. Not only do we have to preserve them, we have to nurture them as well. As Sikkim has made its mark as an organic state in the northeast, Ladakh — Leh and Kargil — can also create their own niche as a carbon-neutral unit," Modi said in his I-Day speech, listing the proposed solar park among the Centre's initiatives.

Related reports, P8

Solar energy to power Siachen base camp

Siachen Base Camp and the Siachen Brigade headquarters at Partapur in the Nubra valley of Ladakh are set to be powered by solar energy, according to renewable energy minister Raj Kumar Singh, reports Sanjay Dutta. "SECI has awarded contracts for setting up two solar-storage power plants of 1 mega watt each at Siachen (Base Camp) and Partapur. Both will have 2 mega watt of battery storage for round-the-clock supply," Singh told TOI.

આર.એન.આઈ. નં. :
DELENG/2020/78811
સપ્ટેમ્બર 1-15, 2020


ન્યૂ ઇન્ડિયા સમાચાર
પખવાડિક

RNI રજિસ્ટર્ડ નંબર DELENG/2020/78811, નવી દિલ્હી પોસ્ટલ લાઇસન્સ
નંબર DL(S)-1/3545/2020-22, WPP નંબર U (S)-93/ હંગામી ધોરણે, PSOમાં
પૂર્વ ચુકવણી કર્યા વગર પોસ્ટ કરવા માટે લાઇસન્સ પ્રાપ્ત, નવી દિલ્હી-3
(પ્રકાશન તારીખ 20 ઑગસ્ટ 2020, કુલ પૃષ્ઠ -40)

#BharatKi Laxmi

# મહિલા અચિવર્સ

## પોતાના ક્ષેત્રમાં અસામાન્ય સિદ્ધિ પ્રાપ્ત કરનારી મહિલા પ્રતિભાઓ



### આયેશા અઝીઝ
પાઇલટ

#BharatKi Laxmi

- ભારતમાં સૌથી નાની વયની પાઇલટ અને કાશ્મીરની પ્રથમ મહિલા પાઇલટ
- તેણીએ તાલીમ દરમિયાન સિંગલ એન્જિનનું એરક્રાફ્ટ 200 કલાક માટે ચલાવ્યું હતું



### ડૉ. રુવેદા સાલમ
IPS અધિકારી

#BharatKi Laxmi

- તબીબ અને કાશ્મીરના પ્રથમ મહિલા IPS અધિકારી
- તેમણે તામિલનાડુમાં આસિસ્ટન્ટ પોલીસ કમિશનર, ચેન્નઇ અને કોઇમ્બતૂર તરીકે પણ સેવા આપી છે
- 2018માં ફર્સ્ટ લેડિઝ એવોર્ડથી સન્માનિત



### દીપા કરમાકર
સ્પોર્ટ્સપર્સન

#BharatKi Laxmi

- 52 વર્ષમાં પ્રથમ વખત રિઓ ઓલિમ્પિક્સમાં ક્વોલિફાઇ થનારી પ્રથમ ભારતીય મહિલા જીમ્નાસ્ટ અને વર્લ્ડ જીમ્નાસ્ટિક્સ ચેમ્પિયનશીપ્સ 2015માં ફાઇનલમાં પહોંચનારી પ્રથમ ભારતીય.
- પદ્મશ્રી અને રાજીવ ગાંધી ખેલ રત્ન પુરસ્કારથી સન્માનિત



### રાધિકા મેનન
નૌસેના અધિકારી

#BharatKi Laxmi

- ભારતના પ્રથમ મહિલા મર્ચન્ટ નેવી કેપ્ટન
- દરિયામાં અસામાન્ય બહાદુરી 2016 માટે આંતરરાષ્ટ્રીય દરિયાઇ સંગઠન (IMO) દ્વારા ટોચના બહાદુરી પુરસ્કારથી સન્માનિત



### સુરેખા યાદવ
લોકો – પાઇલટ

#BharatKi Laxmi

- મુસાફર ટ્રેન ચલાવનારી પ્રથમ ભારતીય મહિલા ટ્રેન ડ્રાઇવર
- જીજાઉ પુરસ્કાર (1998) મહિલા અચિવર્સ એવોર્ડ, સહાદ્રી હિરકણી પુરસ્કાર, પ્રેરણા પુરસ્કાર, સારથી એવોર્ડ અને અન્ય ઘણા સન્માન પ્રાપ્ત કર્યાં



### મંજૂ
કુંભાર

#BharatKi Laxmi

- સમગ્ર ઉત્તર પશ્ચિમ રેલવે પ્રદેશમાં રાજસ્થાનની પ્રથમ મહિલા કુંભાર
- તેના સંકલ્પ અને નિર્ધાર બદલ પ્રશંસા થઇ છે, WCDએ તેણીને 2018માં ફર્સ્ટ લેડિઝ પુરસ્કારથી સન્માન આપ્યું

પ્રકાશક અને મુદ્રક:
સત્યેન્દ્ર પ્રકાશ, મહાનિદેશક, BOC
બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ કમ્યુનિકેશન વતી

સંપાદક:
કુલદીપસિંહ ધતવાલિયા,
મુખ્ય મહાનિદેશક,
પ્રેસ ઇન્ફોર્મેશન બ્યૂરો, નવી દિલ્હી

બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ કમ્યુનિકેશન
બીજો માળ, માહિતી ભવન,
નવી દિલ્હી – 110003 ખાતેથી પ્રકાશિત

મુદ્રણ: વિબા પ્રેસ (પ્રા.) લિમિટેડ
સી-66/3, ઓખલા ઇન્ડસ્ટ્રિયલ એરિયા,
ફેઝ-2, નવી દિલ્હી-110020